

માસિક
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૧૭ ● ઓગસ્ટ૨૦૨૫
Volume no. 18, Issue No. 217 August 2025

## गुरुपूर्णिमा



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-











વિલ્સડલેન - લંડન(યુ.કે.)મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપોના દર્શન.







બદ્રીનાથ આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પુનઃમૂર્તિપ્રતિષ્ઠા વિધિ કરતા તથા મંદિરને વિધિવત ખુલ્લું મુકતા અને સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી




સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર






વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૧૭ ● ઓગસ્ટ-૨૦૨૫


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ''સમૈયો''ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી ૦૬

૦૪. ગુરુ પૂર્ણિમા સંદેશ-૨૦૨૫ ૦૮

૦૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૩

૦૬. ભક્તિસુધા ૧૪

૦૭. ''સમૈયો''ના ઉપલક્ષમાં ૧૮

૦૮. સત્સંગ સમાચાર ૧૯

**શ્રી સ્વામિનારાયણ**

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

નિજ મંદિરમાં રૂપાળા હીરના હીંડોળાના દિવ્ય દર્શન સૌને આનંદ આપે છે.

આ ચાતુર્માસમાં વિશેષ નિયમ લઈ વિશેષ ભજન કરી લેવું. મહારાજે આપણને કેમ જીવન જીવવું એની રજે રજ વાત શિક્ષાપત્રીમાં લખીને આપી છે. એમની આજ્ઞા-ઉપાસનામાં કાંઈ ફેર ન પડે તો જીવન સાર્થક થઈ જાય. જીવનું કલ્યાણ કરવામાં કાંઈ બાકી ન રહે.

આખું જગત અધ્યાત્મને અર્થે અનેક શાસ્ત્રોનું અધ્યયન કરે છે. પણ આપણને તો મહારાજે સર્વે શાસ્ત્રોનો સાર શિક્ષાપત્રીમાં આપ્યો છે. નિત્યે એનો પાઠ કરી એ પ્રમાણે વર્તન કરવાની આજ્ઞા કરી છે. આ શિક્ષાપત્રી લખ્યાને ૨૦૦ વર્ષ થયા તો પણ આજની તારીખે એ આજ્ઞાઓ પ્રસ્તુત છે, અને હજારો વર્ષ પછી પણ દરેક જીવના કલ્યાણનું અમોઘ શસ્ત્ર બની રહેશે, કારણ...... આ તો સ્વયં ભગવાનની વાણી છે.

આગામી વસંત પંચમીએ આપણે શિક્ષાપત્રીનો બસો વર્ષનો દ્વિશતાબ્દી મહોત્સવ ''સમૈયો'' ઉજવવા કટિબદ્ધ થવાનું છે. 'સમૈયા'માં યોગદાન આપી શિક્ષાપત્રી પ્રત્યે આત્મિયતા કેળવવાની છે. શિક્ષાપત્રી મારી છે. હું શિક્ષાપત્રીનો પાલક-ઉપાસક છું. એવી ભાવના કેળવવાની છે.

આપણા આચાર્ય મહારાજશ્રી પણ જુઓને દેશ-વિદેશના કેટલા મંદિરોની સંભાળ રાખવા દોડા-દોડી કરે છે. ગુરુ પૂર્ણિમાનો ઉત્સવ અત્રે પૂરો કરી બીજા જ દિવસે લંડન વિલ્સડન મંદિરના ૫૦ વર્ષના ઉત્સવ (નવ દિવસનો હતો)માં હાજરી આપવા પહોંચી ગયા હતા. બધાને આગ્રહ રહે કે આચાર્ય મહારાજશ્રી અમારા પ્રસંગમાં હાજરી આપે. પણ હવે સત્સંગનો વિસ્તાર ખૂબ વધ્યો છે. આપણા મંદિરો દેશ-વિદેશમાં ખૂબજ વિસ્તાર પામ્યા છે. આપણે સૌએ શ્રીજી મહારાજની દૃઢ નિષ્ઠા રાખી ભજનનો ખટકો રાખવાનો છે. મહારાજ આ લોક પરલોકમાં જરૂર સુખિયા કરશે.

સમૈયાના ઉપલક્ષમાં પર્યાવરણના ભાગ રૂપે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દ્વારા તુલસીના રોપા-કુંડા અને હજારો લીંબડાના રોપાનું વિતરણ કરવામાં આવ્યું. દરેક ભક્તો તેનું જતન કરી તેને ઉછેરજો. દરેક હરિભક્તોએ પરિવાર દીઠ એક છોડ ને વાવીને વટવૃક્ષ બને તેવો અચૂક પર્યન્ત કરવો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના**
**જયશ્રી સ્વામિનારાયણ**





## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ

**(જુલાઈ-૨૦૨૫)**

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે સમૈયાના ઉપલક્ષમાં પોતાના વરદ્ હસ્તે તુલસીના કુંડાનું વિતરણ કર્યું.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સંત-હરિભક્તો દ્વારા ગુરુ પૂર્ણિમા મહોત્સવ પ્રસંગે પૂજન-અર્ચન. રાત્રે લંડન પધરામણી.

૧૧થી૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન લંડન સુવર્ણ જયંતી પાટોત્સવ મહોત્સવ પોતાના શુભ સાંનિધ્યમાં ઉજવાયો.

૨૧ અસારવા શ્રી સ્વામિનારાયણ વાડી ગુરુકુળ શ્રી શિવલીંગની પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૯થી૩૧ શ્રી સ્વામિનારાયણ મંદિર બદ્રીનાથધામ પુનઃમૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.



## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જુલાઈ-૨૦૨૫)**

૧થી૪ પેન્સીલવેનીયા (અમેરિકા) પોતાની શુભ નિશ્રામાં (એન.એન.ડી.વાય.) યુવા કેમ્પ યોજાયો.

૫ ફલોરિડા (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયો.

૬થી૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડનલેન લંડન સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે પધરામણી.

## શ્રી સ્વામિનારાયણ સમૈયો ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી



कृष्णकृष्णावताराणां खण्डनं यत्र युक्तिभिः । कृतं स्यात्तातानिशास्त्राणि न मान्यानि कदाचन ॥२९॥

**અનુવાદ : અને જે શાસ્ત્રને વિષે શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે વરાહાદિક અવતાર તેમનું યુક્તિએ કરીને ખંડન કર્યું હોય, એવા જે શાસ્ત્ર, તે ક્યારેય ન માનવાં અને ન સાંભળવાં. ॥૨૯॥**

વિવેચન : શ્રીકૃષ્ણ જે પરબ્રહ્મછે, સર્વ કારણ અને પોતે અકારણ છે તેમનું ,અને તેમના જે અનેક અવતારો ધર્મત્રાણ માટે થયા તથા થાય તેમનું યુક્તિ પ્રયુક્તિઓ દ્વારા જે અસત્ શાસ્ત્રોમાં ખંડન કરેલ હોય તે શાસ્ત્રોને પ્રમાણ તરીકે કદી પણ ન માનવાં જોઈએ.

'શ્રીકૃષ્ણ ઈશ્વર નથી,' તેમના અવતારોમાં મને શ્રદ્ધા નથી' આદિ કહેનારા અજ્ઞાન લોકોને તો જરા ઉત્સાહ અને પ્રેમથી સમજાવીએ ત્યારે તેઓ તરત અજ્ઞાનમાંથી મુક્ત થાય છે અને શ્રદ્ધાવાળા થઈ જાય છે, પરંતુ ચાર્વાક જેવા લોકો જગતને નિરીશ્વર માને છે. ''असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्.'' એ તેમનો મત છે. अर्हत લોકો આ જગતની ઉત્પત્તિ કર્મથી જ થાય છે એમ કહે છે, પુરૂષના સંસર્ગથી નૈસર્ગિક ત્રિવિધ પરિણત રૂપવાળા આ જગતને ઈશ્વરની અપેક્ષા નથી એમ કપિલસાંખ્યો માને છે. આ લોકો જ યુક્તિઓ દ્વારા શ્રીકૃષ્ણના પરબ્રહ્મત્વ તેમ અવતારોની શક્યતાને શંકામાં મૂકે છે. આવા જ બીજા નાસ્તિકવાદીઓ પણ હોય છે. આ બધાનાં, ઈશ્વરખંડન કરનારાં વાક્યજાળોથી યુક્ત શાસ્ત્રોને આદર ન આપવો કારણ કે તેમને વાંચવાથી પણ આપણી બુદ્ધિ પર કુસંસ્કાર પડી શકે છે.

કેટલાક પક્ષો જેવા કે પાશુપત વગેરે એમ માનવા પ્રેરાય છે કે સર્વેશ્વર પરબ્રહ્મ અન્ય કોઈ છે, શ્રીકૃષ્ણ નહીં, અને તેઓ કહે છે

''हिरण्यगर्भः समवर्तताग्रे'' અથવા ''प्रजाकामो वै प्रजापतिः स तपोऽतप्यत અથવા ''विश्वाधिको रुद्रो मर्हर्षिः'' વગેરે અને તેથી રૂદ્રને પરબ્રહ્મ દર્શાવે છે. પરંતુ આ મત બરાબર નથી. ભગવાન બાદરાયણે તેનું ખંડન કરેલ છે.

શ્રીકૃષ્ણ પરમાત્માનું પરમાત્મત્વ નીચેની શ્રુતિઓ સ્પષ્ટ કરે છે -

''नारायणपरा वेदाः'' ''वेदैश्च सर्वैरहमेव वेद्यः'' ''वासुदेबपरा वेदाः'' । ''एको ह वै नारायण आसीत् न ब्रह्मा नेशानः । तथा

''कृष्ण एव हि लोकानामुत्पत्तिरपि चाव्ययः ।''

''कृष्णस्य हि कृते भूतमिदं विश्वं चराचरम् ॥''

આમ શ્રીકૃષ્ણ એ જ સર્વેશ્વર પરબ્રહ્મ છે તે નક્કી

થાય છે. શ્રુતિ સ્મૃતિઓમાં સર્વ જગત કારણ તરીકે શ્રીકૃષ્ણ પરમાત્મા જ જોવા મળે છે.

એક પક્ષ એવું માનતો દેખાય છે કે પરબ્રહ્મ નિર્ગુણ છેઃ- જેમ કે - ''निष्कलं निष्कियं शान्तं निरवद्यं निरञ्जनम्,'' ''साक्षी केवलो निर्गुणः'' अशब्दम् अस्पर्शम् अरुपम्.'' પરંતુ આ વાદ તો હવે નિરસ્ત ગણાય છે. ગુણ નિષેધપરક વચનો તો પ્રાકૃત્તિ અને હેય ગુણવાચી છે. શરીરનિષેધપરક વચનો પણ પ્રાકૃતશરીરપરક છે. ભગવાન કૃષ્ણના ગુણ સદ્‌ભાવમાં કે અપ્રાકૃત શરીરસદ્‌ભાવમાં કોઈ વિરોધ નથી. 'આકાશ શરીરં બ્રહ્મ' એમ કહ્યું છે તેથી બ્રહ્મનું નિરાકારત્વ સિદ્ધ થાય એમ માનવું નહિ કારણ કે આકાશ છે એટલે आसमान्नात् काशते અર્થાત્ જે ચારે બાજુથી ખૂબ શોભે એટલે કે પ્રકાશમાન શરીરધારી બ્રહ્મ.

વળી જ્યાં અવતારોનું ખંડન થાય તે વર્જ્ય ગ્રંથ છે. 'કદી પણ ઈશ્વર અવતરે નહિ.'' ''અવતાર લે તો તે પણ માયિક સ્વરૂપથી લે'' - આવાં વિધાનો અનાદરને પાત્ર ગણવાં, કારણ કે પરબ્રહ્મ સ્વેચ્છાથી સર્વાવતારી તરીકે અવતરિત થાય છે. કહ્યું છે -

''अजायमानो बहुधा विजायते।''

''तदात्मानं सृजाम्यहम्।''

''भगवानीश आत्मानं सृजते हरिः। વગેરે

જે અવતારોની અવજ્ઞા કરે છે તે આસુરી યોનિના લોકો છે. ગીતમાં કહ્યું છે -

अवजानन्ति मांमूढा मानषीं तनुमाश्रितम्...

राक्षसीमासुरी चैव प्रकृति मोहिनी श्रिताः॥

માટે, શ્રીકૃષ્ણનું પરબ્રહ્મ, સકલકલ્યાણગુણત્વ-કરત્વ, વિગ્રહવત્ત્વ પ્રતિપાદક જે શાસ્ત્રો, તથા જે શ્રીકૃષ્ણાવતારોનાં હેય, પ્રત્યનીકત્વ, સકલ-કલ્યાણગુણત્વવ, વિગ્રહવત્વ વગેરે પ્રતિપાદન કરે છે તે શાસ્ત્રો જ શ્રીહરિના આશ્રિતોએ માન્ય ગણવાં, અન્ય નહીં.

**શ્રી નરનારાયણદેવ દેશના આગામી ઉત્સવ**

શ્રાવણ વદ-૧૩ તા. ૨૧-૮-૨૦૨૫ ગુરુવાર શ્રીહરિ બાલમુકુન્દજીને પારણેથી ઉતારવા.

શ્રાવણ વદ-૩૦ તા. ૨૩-૮-૨૦૨૫ શનિવાર શિવ પૂજન સમાપ્ત, કુશગ્રહણી અમાસ.

ભાદરવા સુદ-૩ તા. ૨૬-૮-૨૦૨૫ મંગળવાર કેવડાત્રીજ.

ભાદરવા સુદ-૪ તા. ૨૭-૮-૨૦૨૫ બુધવાર શ્રી ગણેશ ચતુર્થી.

ભાદરવા સુદ-૫ તા. ૨૮-૮-૨૦૨૫ ગુરુવાર ઋષિ પંચમી.

ભાદરવા સુદ-૮ તા. ૩૧-૮-૨૦૨૫ રવિવાર રાધાષ્ટમી.

ભાદરવા સુદ-૧૧ તા. ૩-૯-૨૦૨૫ બુધવાર જલઝીલણી એકાદશી, શ્રીગણપતિજીનો વરઘોડો બપોરે ૧૨-૦૦

ભાદરવા સુદ-૧૨ તા. ૪-૯-૨૦૨૫ ગુરુવાર વામન જયંતી બપોરે ૧૨-૦૦ આરતી.

ભાદરવા સુદ-૧૫ તા. ૭-૯-૨૦૨૫ રવિવાર મુકુટોત્સવ પૂનમ, ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે જેથી પાળવાનું છે.

ગ્રહણ વેધ બપોરે ૧૨-૫૭ મિનિટે

ગ્રહણ સ્પર્શ રાત્રે ૯-૫૭ મિનિટે

ગ્રહણ મોક્ષ રાત્રે ૧-૨૬ મિનિટ

ભાદરવા વદ-૧૧ તા. ૧૭-૯-૨૦૨૫ બુધવાર ઈંદીરા એકાદશી.

ભાદરવા વદ-૩૦ તા. ૨૧-૯-૨૦૨૫ રવિવાર દર્શ અમાવાસ્યા (સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી જેથી પાળવાનુ નથી.)



શ્રી સ્વામિનારાયણ

# ગુરુ પૂર્ણિમા સંદેશ-૨૦૨૫

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, કાલુપુર મંદિર, અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમાના પાવન પ્રસંગે, તા. ૧૦-૦૭-૨૦૨૫ :** નરનારાયણદેવના સાંનિધ્યમાં, ચરણોમાં બેસીને આપણે ભાગ્યશાળી છીએ કે આપણે અહીંયા આવા ઉત્વસ સમૈયા કરી શકીએ છીએ. હમણાં સંતોએ વાત કરી, મારી નમ્ર વિનંતી છે. બહુ સાંભળવા મળે છે કે, મહારાજશ્રીની આજ્ઞામાં રહેવું, તો અમે કઈ આજ્ઞા કરી ? તમે બધા બેઠા છો, કોક મને કહેજો, ઉભા થાવ ચલો, કોઈ સંત કે કોઈ હરિભક્ત મને કહો કે મેં આ આજ્ઞા કરી. **૨૧૨ શ્લોક શિક્ષાપત્રીમાં લખ્યા છે, દેશ વિભાગનો લેખ છે, સત્સંગિજીવન ધર્મશાસ્ત્ર છે, એમાં કરેલી આજ્ઞા મારે અને તમારે બધાએ પાળવાની છે. વસ્તુ એટલી છે. મારી કોઈ વિશેષ આજ્ઞા નથી.** ૨૦૨૫માં કોઈ કોઈની આજ્ઞા પાળે ? આ તો સારું છે. બાથમ બાથ નથી આવતા !

**વાસ્તવિકતામાં દેવના થઈને રહેવું એ જ મોટામાં મોટી વસ્તુ છે.** હમણા પી.પી. સ્વામી (જેતલપુર)એ બહુ સરસ વાત કરી. મહારાજે આટલા વર્ષ રામાનંદ સ્વામીને શોધ્યા-ખોળ્યા તો એના પહેલા આત્માનંદ સ્વામી જેવા પણ મળ્યા હતા. જેણે વાંચ્યું હશે એ ઈતિહાસ જાણતા હશે. મહારાજે એનો ત્યાગ કર્યો. કારણ કે અટમ ચટમ ઉંધુ ચત્તુ શીખવતા હતા. મહારાજે બધો અનુભવ કરીને પછી પોતે આજ્ઞાઓ કરી છે. એટલે મને ખબર નથી, હું કઈ આજ્ઞા કાઢવાનો છું. હજુ સુધી કોઈ આચાર્યએ કોઈ નવી વિશેષ આજ્ઞા કરી નથી. એટલે મારી વિનંતી છે કે આવું બધુ કહેવું નહી. કારણ કે આ દુનિયામાં ક્યાંક ઉપર ચડી જઈશું તો ઉતરતા તકલીફ થશે. વાત નીકળી છે તો કહું, મહારાજે વચનામૃતમાં બહુ સરસ વાત કરી છે. આમ તો મહારાજના બધા વચનોમાં કોઈ ટીપ્પણી કરી શકાય નહી પણ મને વિશેષ કરીને અમૂક વસ્તુ અડે છે, એમાં એવું કીધું છે કે **નિર્માનીપણાનું પણ માન ન રાખવું,** હવે તમે વખાણ કર્યા કરો, મહારાજશ્રી નિર્માની છે, નિર્માની છે તો એમાંય માન ચડે, આ હકીકત છે હો ! ઘણી વખતે જોયું છે, આ બહુ નિર્માની છે, નિર્માની છે એવું બોલાતું હોય પછી દસ વર્ષ

પછી એ શોધતા ખોળતા, એને સાચવતા દમ નીકળી જાય છે. આ હકીકત છે.

**વાસ્તવિકતા એ છે કે આપણે ભગવાનના થઈને, દેવના થઈને રહેવાનું છે. દેવનું જેટલું હોય એમાં આપણે કરવાનું છે. દેવના હોય એનો સંગ કરવો. આ મહારાજના વચન છે હો ! સંગ બળવાન છે. કોનો સંગ કરવો, કોનો ન કરવો એ મહારાજે કીધું છે. અત્યારે ધારો કે હું કહું છું, તો હું કહું છું, સત્સંગનો Meaning શું ? જે સત્ છે, જે સાચું છે, જે સનાતન છે, જે હંમેશા માટે રહેવાનું છે. એનો સંગ કરવાનો છે. ભગવાન અને ભગવાનના ભક્તનો સંગ કરવો.** પૂછી જુઓ આ સંતોને ! ઘર ઘરના છે એટલે પ્રેમથી કહી શકું. એમના ચેલા ખરાબ છે એમ નથી કહેતો પણ મેઈન્ટેનન્સ છે, અઘરું છે. ખોટું હોય તો આમાંથી કોઈ છાતી ઉપર હાથ મૂકીને ના પાડી જુએ તો હું કહું. પાછા અમૂક તો હરિભક્તોય ગુરુ થયા છે. એનેય ચેલાનો શોખ ચડ્યો છે. એટલે ચેલા લઈને ડિસ્કો કરે છે, ગાય છે ને નાચે છે, દુનિયા બધી ભયંકર છે.

**દેવના થઈને રહેવું. જે સેવા હોય એ દેવનું હોય ત્યાં કરવી. ધર્માદો દેવને આપવો, નરનારાયણદેવ દેશના હરિભક્તોને ખાસ કહું છું કે ધર્માદો ચોખ્ખો કાઢજો. સેવા નહી કરો તો ચાલશે પણ ધર્માદો ચોખ્ખો કાઢજો. કોઈપણ વ્યક્તિ સુખી થાય છે તો એ દેવની આજ્ઞાનું પાલન કરવા વડે કરીને થાય છે ને ? તો ધર્માદો એ મહારાજની આજ્ઞા છે, મારી નથી.** આપણે બીજું બધું ના હોય એવું ઘણું કરીએ છીએ. આટલી ચોટલી રાખે, આટલી રાખે, ટુકટુકિયુ રાખે, **ક્યાંય લખ્યું નથી એ બધું કરીએ છીએ તો જે લખ્યું હોય એ તો કરી એને ! એટલે ધર્માદો કાઢજો. અને જે નરનારાયણદેવના હોય, જેના દસ્તાવેજ નરનારાયણદેવના હોય અને એનાથી વધારે કહું, તમને દુવિધા (દ્વિધા) હોય તો કાંતો બંધારણ માગજો. ચોખ્ખું જ કહેવાનું, કાં તો હું તો બેઠો જ છું. ન માને તો કહી દેવાનું, મહારાજશ્રી પાસે જાવ. હું કાલુપુર મંદિરે આપી દઈશ, ત્યાંથી લઈ લેજો. બદરીનાથથી લઈને, ઉપરથી લઈને નીચે સુધી નાનામાં નાના મંદિરના બધાના ખાતા કાલુપુર મંદિરમાંથી ફંકશન થાય છે.** આપણા ટ્રસ્ટીઓ અહીં બેઠા છે, તેઓ જાણે છે. **બધી પહોંચ બુક - બધી પાવતી અહીંયા મળે છે.** છપૈયા પણ ના જવુ પડે, ક્યાંય ના જવું પડે. બધું અહીંયા જ થાય છે. **જેટલું દેવનું છે એ જ રહેવાનું છે.** આ હકીકત કહુ છું.

તમે જુઓ છો, ચમક ચમક બહુ થતું હોય પણ ભટ દઈને પડી જાય છે. પણ હું રાહ જોઉં. ચમક દમક ગમે તેટલી હોય, ચમકવા દો દુનિયામાં. પણ આપણા માટે **ભગવાનના થઈને રહેવાનું એ જીવનનું લક્ષ છે, ધ્યેય છે. જ્યારથી આપણે કંઠી પહેરી, ચાંદલો કર્યો કે સત્સંગની સમજણ પડી ત્યારથી આપણું કાર્ય શું છે તો બસ દેવના થવા માટેનો આ પ્રયત્ન છે અને આ ગતિ છે.** બહું **Simple** (સિમ્પલ) છે એટલે ખાસ વિનંતી છે.

ઘણા કહેતા હોય કે રાજી રહેજો. ઠીક છે બધા હરિભક્તોનો પ્રેમ ને લાગણી છે એટલે તમે કહો છો. અમે માનીએ પણ **અમે તો રાજી જ છીએ, કેદી કુરાજી થયા ? કોઈ અવળ ચંડાઈનું કાર્ય કરો તો થઈએ. કોઈ નવું ભોપાડું કાઢો કે કંઈ નવી દુકાન ઉભી કરો તો લોચો પડે મારે, તમારા બિઝનેશમાં જે કરતા હો એ પણ દેવ સિવાયનું કંઈક થાય કે દેવને પેરેલલ દુનિયા થાય તો એ સહન નથી થવાનું, એ તો મેં પહેલા જ કીધું હતું. સિદ્ધાંતમાં કોમ્પ્રોમાઈઝ નહી થાય. આજે નહી થાય, આટલી પેઢીમાં નથી થયું અને જેટલી પેઢી આવશે એટલી અમદાવાદ દેશમાં ક્યાંય નહી થાય એ તો લખીને આપું. અને એ સમજણ કેળવવાની આપણે બધાએ જરૂરી છે.**

આજે આપણને આવા ભગવાન મળ્યા છે, તમે વિચાર કરો, મારે તો લંડન જવાનું હતું પણ ના, ગુરુ પૂર્ણિમા છે, આજે દેવના દર્શન થઈ જાય અને તમે બધા પણ આજે દેવના દર્શન કરવા આવ્યા છો, મારા નહી. **મહારાજે આ સ્થાન (આચાર્યપદ) કર્યું છે. ભગવાનને લઈને એ સ્થાનની ગરિમા છે એ બરોબર છે. પણ જવાબદારી બહુ મોટી છે, અઘરું છે. End of the day વ્યક્તિ તરીકેની આ વસ્તુ નથી, આ સ્થાનની ગરિમા છે.**

**ગુરુપૂર્ણિમા છે, દેવના દર્શન કરવા આવ્યા છો અને ગુરુ એક જ છે અંદર (સિંહાસનમાં) બેઠાએ, બીજા કોઈ ગુરુ નથી. (આપશ્રી આપના મુખેથી ન કહો, પરંતુ સિંહાસનમાં બેઠેલા શ્રીહરિએ સ્થાપેલી ધર્મવંશી આચાર્ય પરંપરામાં ઉત્તર વિભાગમાં ત્યાગી ગૃહી અમારા સૌના ગુરુ વર્તમાન કાળે આપ જ છો)**. પી.પી. સ્વામી (જેતલપુર) એ મહારાજના વખતની પ્રણાલિકા કહી, અર્થ તો એવો નીકળે કે સંતોની પાછળ ગુરુ તરીકે આચાર્યના નામ આવે. જેટલું છે એટલું સારુ છે બાપા ! મેઈન્ટેનન્સ વધારશો નહી. મારે પાછું ફોન કરીને રોજ પૂછવું પડે, ખાધું? નથી ખાધું ? શું થયુ ? એવુ નથી થતું તમારે ? અહીં બેઠા હોય ને ફોન આવે, ક્યાં ગયા છો ?

હકીકતમાં આટલો મોટો સમુદાય ભાઈઓ બહેનો બધા એકત્રિત થયા છે એ બહુ મોટો ત્યાગ છે. સંતોનો તો છે જ પણ વિશેષ કરીને હરિભક્તોનો છે. કારણ કે આટલું બધુ આજે કામ હોય છતા પણ સમય કાઢીને, કાયમ કહું છું મનથી, તનથી, ધનથી અને **આજના સમયે મોટામાં મોટી વસ્તુ સમયથી યોગદાન આપવું એ બહુ કઠણ છે. હિંડોળા કર્યા, આ કર્યું, ઓલ્યુ કર્યું, છોકરાઓ દીકરા-દીકરીઓ જે મહેનત કરી રહ્યા છે એ અદ્‌ભુત છે. આનાથી મોટો સત્‌યુગ દુનિયામાં બીજો નથી.** હમણા કોક મળેલા, કહે ‘‘હળાહળ કળિયુગ છે.’’ ‘‘હા છે, તારા માટે જ છે. અમે તો સત્‌યુગથી આગળ રહીએ છીએ. અક્ષરધામથી વેંત ઉપર છીએ અમે. **ભગવાન જેવા ભગવાન મળ્યા પછી શેનો કળિયુગ હશે તમારે ?’’** પણ કહે, ‘‘ના, હળાહળ કળિયુગ !’’ ‘‘હશે ભઈ ! તારા માટે હશે હળાહળ !’’ મને તો ટેન્શન થઈ ગયું કે આ હળાહળ શું હશે ? **‘હળાહળ !’** પછી એનું મોઢું જોઈને લાગ્યું કે આ માણસને માનસિક ચિકિત્સાલયની જરૂર છે, બીજી કંઈ જરૂર નથી.

ધન્ય છે એ દીકરા-દીકરીઓને કે પરંપરા અને સંસ્કાર જાળવી રાખીને આટલી ઉન્નતિ પ્રગતિ કરી છે. એના માતા પિતાને ધન્ય છે. હમણા બે-ત્રણ વખત બહાર જવાનું થયું. કેનેડા ગયા. મહંત સ્વામીએ કહ્યું ૧૫૦ કરોડ. ૧૫૦ કરોડ નહી, ૧૫ મિલિયન ડોલર છે. ૧૫૦ કરોડ રૂપિયા આપણે અહીંથી લઈને ત્યાં ક્યાં ગયા છીએ ? ત્યાંના ત્યાં વાપરીએ છીએ, પણ **બહુ મોટી રકમ છે. વિદેશમાં ખાલી જગ્યા માટે ૧૫ મિલિયન ડોલર પહેલી વખત વપરાયા હશે.** ટોરન્ટોમાં આપણા દરેક ગામના દીકરા-દીકરીઓ સ્ટુડન્ટ તરીકે ગયેલા એમના માટે જ મંદિર કરેલું. આજે એજ આપણા દીકરા-દીકરીઓ વિદેશમાં રહીને ત્યાંના મંદિરમાં સેવા કરી રહ્યા છે. ધન્યવાદ છે. તમને બધાને, માતા પિતાઓને, વડવાઓને કે જેણે આ સંસ્કાર આપ્યા છે ત્યારે આ બધુ થાય છે. હકીકતમાં આ છે. બાકી વાતો તો બહુ થતી હોય, તમે મારા વખાણ કરોને હું તમારા કરું, એવું નહી, પણ વિદેશની અંદર કે દેશની અંદર સેવા કરતા હું જોઉ છું. દાદા લઈને આવે દીકરાઓને, નામ પૂછીએ, તમે વિચાર કરો, એમ થાય કે કેટલા સંસ્કાર, કેટલું બધુ પ્રાપ્ત થયું હશે એને કારણ કે આજના સમયમાં આ બધુ મૂકીને કોઈ નજીક આવે એવું નથી ત્યારે આ તો સેવા કરે છે.

સાથે સાથે હમણા પી.પી. સ્વામીએ વાત કરી, ઘણા બધા ઉત્સવો, ઘણા બધા મંદિરોના કામ ચાલુ છે. જેતલપુરનો ઉત્સવ, શિક્ષાપત્રીનો સમૈયો ને બીજુ બધું, **કેટલી પ્રવૃત્તિ થાય છે અને એ ચાલુ રહેવાની જ છે. છેડો આવવાનો નથી. પણ આ દેવ છે એટલે બધુ થાય છે. ભગવાનને લીધે થાય છે.** જેટલા કાર્ય થાય છે એમાં તમારા બધાનું યોગદાન છે. હમણા મહંત સ્વામીએ કહ્યું કે, **પ્રસાદ લઈને મંદિરેથી ગાડી જાય છે, જેને જરૂરિયાત હોય એને જમાડે છે.** અમારી વાડીની બાજુમાં રોડ બનાવે છે. એના બાળકો બિચારા ૨૫ - ૩૦ નાના નાના દીકરા-દીકરીઓ હશે. હવે અમારું મોટું ઘર છે, એક નાનું ગામ થાય એવું મોટું છે અને **એ ઘર દેવનું જ છે. અમારું નથી. જ્યાં અમે રહીએ છીએ એ દેવની જ ભૂમિ છે. મંદિરનું એ સ્થાન છે. મંદિરની એ જગ્યા છે. આ કપડા દેવના પહેરીએ છીએ, સ્પષ્ટ કહું છું. ગાડીમાં આવીએ છીએ એ મંદિરની છે, નરનારાયણદેવની છે. જેટલું પણ છે એ દેવનું છે.** રસોઈ ઘણી બનતી હોય એટલે વધે એ અમારા ભગત પેલા બાળકોને જમાડવા લઈ જતા હતા.

એક દિવસ ગાદીવાળાએ જોયું એટલે એમને થયું કે વધ્યું ઘટ્યું શા માટે જમાડવું ? એમના માટે વધારે જ બનાવવું જોઈએ. આ વાત ગાદીવાળાની છે એટલે નથી કહેતો પણ અમાંથી મારે અને તમારે આપણે બધાએ શીખવા જેવું છે. એટલે મેં નારણપુરા આપણા મંદિરમાં ટેલિફોન કરાવડાવ્યો કે આટલા જણને વધારે જમાડવાના છે. કારણ કે **માનવતાના લક્ષણને ભૂલી જઈશું તો પછી ગમે તેટલી માળા ફેરવીશું તો કંઈ કામ લાગવાનું નથી. જો માણસાઈ નથી તો બધા ધતિંગ છે. જો ભૂખ્યાને જોઈને હૃદય દ્રવિત ન થાય તો ચાંદલા કરવા એ પણ ધતિંગ જ છે. કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય, દયા આણી રે, અતિ આકળા થાય...... અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે, કરુણા દ્રષ્ટિ રે, દેખી વાન જ વાળે..... એ પદ રોજ માત્ર ગાવા માટે જ છે, ગાવા માટે જ છે આ બધી વસ્તુ આપણે પેટ ભરીને ચાર ટંક ખાઈ લઈએ છીએ, આપણે લાડવા ઉલાળીએ છીએ અને કોક બિચારાને ભૂખ્યાને અન્ન ન આપીએ તો બીજું કર્યું સર્વે વ્યર્થ છે.**

બીજુ કહું, અમારા નિવાસ સ્થાને વાડીએ કેટલા બધા હરિભક્તો અનાજ ને એવુ બધુ આપી જાય છે. હવે અમને તો અનાજ વગેરે બધું દેવ આપે છે તો બીજું ભેગું કરીને શું કરવાનું ? એટલે બાજુમાં પરોક્ષનું હનુમાનજીનું મંદિર છે. જેનું હશે તેનું પણ ત્યાં રામરોટી ચાલે છે. ત્યાં ગાદીવાળા પાર્સલ કરાવી દે. ૨૫૦-૩૦૦ જેટલા હશે, જેઓને ઘર નથી, રહેવાની જગ્યા નથી, અમે ઓળખતા નથી પરંતુ જરૂરિયાત વાળા છે. **કહેવાનું એ છે કે, માણસાઈ વગર ધર્મ નથી ચાલવાનો, માણસાઈ વગર સંપ્રદાય ના ચાલે અને ભગવાન પણ રાજી નથી થવાના આ હકીકત છે. ગમે તેટલા ટીલા ટીપણા કરીએ પણ છેલ્લે માણસાઈ તો જોઈશેને.**

આજે આપણે શિક્ષાપત્રીનો ઉત્સવ ઉજવીએ છીએ. તો મહારાજે શિક્ષાપત્રીમાં એ જ લખ્યું છે ને. જીવનની અંદર માણસાઈ હોય, એક બીજા પ્રત્યે સદ્‌ભાવના પ્રેમ અને લાગણી હોય અને એ લાગણી અહીં દેખાય છે. નહિ તો શું કરવા ભેગા થઈએ ? **આજે કોઈ પણ હરિભક્ત દેશના હોય, વિદેશમાં હોય, ગામડામાં હોય, શહેરમાં હોય એને કોઈ સમસ્યા હોય કે અમને કંઈ પ્રોબ્લેમ થયો હોય તો આપણે અરસ પરસ એક બીજા સાથે ઉભા રહીએ છીએ. શું સંબંધ છે. આપણે ?** મેં ઘણીવાર કહ્યું છે. સૂતકનો પણ સંબંધ નથી આપણે. અમે યુ.પી.ના. છીએ, તમે ગુજરાતના છો, કોક રાજસ્થાનના, કોક બનાસકાંઠાના કે કોક કચ્છના કે કાઠિયાવાડના છે પણ **આપણો બાપ એક છે એટલું ધ્યાન રાખજો. બધું બદલાય પણ બાપ બદલાય કોઈ દિવસ ?** આ ગાદી પર બેસનારા પણ બદલાયા ને ? મોટા બાપજી હતા, પછી મને બેસાડ્યો, પરાણે ! હાચું કહું છું, તમે ન માનો તો શું થાય ? આ પદ બહુ જવાબદારીનું છે. સાડા ત્રણ વરસ બાપજીએ કહ્યું, પી.પી. સ્વામી જાણે છે. મેં કીધું, તમારે સહીઓ જ કરવાની છે, મજૂરી હું કરીશ, ખેંચો ને તમ તમારે અને અમથાય **ધર્માચાર્ય અને સંતો જેટલા ગઢા થાય એટલા સોનાના થાય** એટલે મેં કહ્યું ચલાવો પણ બહુ થાય પછી તો બાપજીની આજ્ઞા માનવી પડે ને ! આ ગાદી પર અગાઉ કેશવપ્રસાદજી દાદા, પુરુષોત્તમપ્રસાદજી દાદા, વાસુદેવપ્રસાદજી દાદા, પછી દેવેન્દ્રપ્રસાદજી દાદા આવ્યા - કેટલા જણ બેઠા ? બદલાયા કે નહી ? તમારામાં બદલાયા કે નહી ? અમે જ જોઈએ છે તમારી પેઢીઓ આવે છે ને જાય છે. સંતોમાં બદલાય છે, ગુરુ હોય એના ગુરુ હોય પણ આ **(સિંહાસનમાં બેઠેલા નરનારાયણદેવ) નહીં બદલાય, આ નહીં બદલાય.**

**અને એ ગર્વ કરવાની બાબત છે કે મહારાજે પ્રતિષ્ઠા કરી ત્યારથી આજ પર્યંત એક માઈક્રો મિલી મીટર (1 mm) ખસેલા નથી, એ ભગવાન આપણી પાસે છે અને છપૈયા જન્મસ્થાન આપણી પાસે છે એની ખુમારી રાખો, બસ** મારે કંઈ જોઈતું નથી. રૂપિયા જોઈતા નથી. **રૂપિયા તો બહુ બધા પાસે હોય, ગુંડા મવાલી સ્મગલર પાસે પણ હોય એમાં સુખ નથી. સુખ એ માત્ર ભગવાનના ચરણોમાં છે. આ સત્સંગમાં છે. એવો સત્યુગ ક્યાંય નથી.** અહીંયા સભા ચાલે છે, લંડનમાં

ચાલે છે. ગામડાઓમાં ને વિદેશમાં દરેક જગ્યાએ જોઈએ તો માત્ર ગુરુપૂર્ણિમાની નહી, ગમે તે સભા હજારોની સંખ્યામાં ચાલું હોય ! **વિચાર કરો કેટલો સત્સંગ છે, ભગવાનની કેટલી દયા છે એના લીધે આપણા પરિવાર સચવાઈને રહ્યા છે, નહીં તો ક્યાંય વિખાઈ ગયા હોત.** બીજું શું થાય ? તમે મને કહો. ભગવાન ના મળ્યા હોત તો શું દશા હોત ? બહુ Simple વસ્તુ છે. ખોટી વાત છે ? તમે જ વિચાર કરો ને.

**મહારાજે આપણને અન્ન ધન વસ્ત્રથી સુખી કર્યા છે તો કેટલા પ્રોજેક્ટ ચાલે છે. આજે કરોડો રૂપિયા હરિભક્તો આપે છે. ધન્યવાદ છે એ ભક્તોને કે જે પોતાના દીકરા-દીકરીઓ માટે ખરચવાના હોય એમાં પ્લસ માઈનસ કરીને દેવને આપે છે એ ત્યાગ છે. Appreciation બહુ મોટુ છે. ભગવાન ના મળે તો શું થાય ? આપણે ક્યાં હોત ? છેડો હોત ?** એટલે **હકીકતની અંદર આ જે મળ્યુ છે એનો વિચાર કરીએ તો આપણને બહુ મોટી વસ્તુ મળી છે. ભગવાન તો કેન્દ્ર સ્થાન છે, કેન્દ્ર બિંદુ છે. પણ એની સાથે જે પેકેજ આવે છે તેનો વિચાર કરીએ તો સત્સંગ મળે છે, સુખ દુઃખમાં સાથે ઉભા રહેનારા ભાઈઓ-બહેનો, દીકરા-દીકરીઓ મળે છે. આ બધી વસ્તુ દુનિયામાં નથી મળતી ક્યાંય.**

હમણા કેનેડા જવાનુ થયું ત્યારે એક મિત્ર છે બહુ સિનિયર એટર્ની એડવોકેટ છે તેમની સાથે વાત કરતા હતા કે વિદેશમાં જાતભાતના મંદિરો કરી આ શું રખડ રખડ કરવાનું બીજો કંઈ કામ ધંધો અને ઘર બાર ન હોય એમ ! હવે પેલાને તો સત્સંગમાં શીંગડા પૂંછડાનો હાંધો નથી પણ એણે મને એટલું કીધું કે **જે પણ મંદિરો થાય છે વિદેશમાં એનાથી આપણા અને આપણા દીકરા-દીકરીઓના સંસ્કાર ચોક્કસપણે જળવાઈ રહે છે.** ત્યારે મને સભાન અવસ્થા આવી અને થયું કે ચાલો નીકળો ! જઈએ આપણે નહીં તો ક્યારેય કંટાળો તો આવે ને. કોણ જાય ? **૩૦ કલાક પ્લેનમાં બેસવાનું, સુખ તો આવતુ નથી. એના કરતા ટ્રેનમાં જવું સારું પણ હકીકત એ છે કે દેવની ખુમારીથી બધુ થાય છે અને એ દેવની ખુમારી કોઈ દિવસ ન જાય એની તકેદારી રાખવાની છે, એનો ખટકો રાખવાનો છે.**

**આ ચાર ચરણ (નરનારાયણદેવના ચરણ)ના લીધે આપણે સુખી છીએ એટલે દેવના થઈને રહીએ. નરનારાયણદેવનો હોય ત્યાં જ આપણે પગ મૂકવાનો. અંદર ઉતારજો, ખાલી તાળી ન પાડશો, દેવનું હોય ત્યાં સેવા કરવી.** જો ઈચ્છા હોય તો અને સગવડ હોય તો બાકી દુનિયામાં કેટલું બધુ છે એમાં બધામાં પડવા જેવું નથી. એમાં પડ્યા તો ખોવાઈ જઈશું આપણે.

હવે આરતીનો સમય થયો છે. બહેનો ધૂન કરે છે. દેવના દર્શન કરજો અને દેવના થઈને રહેજો. અમારા થઈને રહેવાની કોઈ જરૂર નથી. તમારી લાગણી અને પ્રેમ છે એની જ હૂંફ છે એટલે જ બધા ગામડાઓમાં જાઉં છું. **આપણો આ સંપ્રદાય છે એ આપણો બહુ મોટો પરિવાર છે. રાત્રે સૂતા પહેલા અડધી મિનિટ અંતદ્રષ્ટિ કરીને ક્યારેક વિચારજો, આપણને જે મળ્યુ છે એ બીજા કોઈને મળ્યું છે ? નરનારાયણદેવ દેશને જે મળ્યુ છે એ બીજા કોઈને મળ્યું છે ? છાતી ઠોકીને કહું છું. બધા પગ આમથી આમ જ કરે છે, નથી ગેર પડ્યા હજી એ તે... આજે આપણને શું મળ્યું છે એના માટે ખુમારી રાખીએ. આટલા સુખી છીએ.** નાની મોટું આવે, ઘેર ગયું પણ છેલ્લે તો **આપણો બાપ મોટો છે, અનંતકોટિ બ્રહ્માંડનો અધિપતિ આપણો બાપ છે. અને એ આપણું ધ્યાન રાખે છે. આ દેવ આપણું ધ્યાન રાખે છે એના આશ્રયમાં રહીએ, ખૂબ ખુમારી રાખીએ આ દેવના દર્શન કરવા આવતા રહેજો. ભગવાનના થઈને રહેજો એટલી વિનંતી છે, એટલી ખાસ ભલામણ છે.**

દરેકને અનેકાનેક ધન્યવાદ છે. હમણા વાત થઈ એમ બહેનોએ નરનારાયણદેવના રસોડા માટે ચાર કરોડ ભેગા કર્યા અને તમે બધા આમ તો એટલે જ આવો છો. કારણ કે ધક્કો તો ક્યાંકથી વાગવો પડે ને લગભગ બધા હરિભક્તોને ઓળખીએ છીએ, જાણીએ છીએ, લાગણી છે, પ્રેમ છે. આપ સૌનું મહારાજ ખૂબ મંગળ કરે એવી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી**
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન**
**દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.**



આપણા મ્યુઝિયમમાં રાખેલ વસ્તુઓનો યથાર્થ મહિમા સહેલાઈથી સમજાય તો માટે હવે નાવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પહેલા હોલમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા અને દેશ વિભાગના લેખ વાળા વિભાગને ૩ડી. મેપીંગ વડે ઓડિયો અને વિઝયુલના માધ્યમથી વિસ્તાર પૂર્વક સમજણ અપાય છે. આવી રીતે આખા મ્યુઝિયમમાં જુદી જુદી રીતે ટેકનોલોજીના માધ્યમથી દર્શનાર્થીઓ માટે મુલાકાત વધુ રસપ્રદ બની રહે તેવા પ્રયાસો હાથ ધરાયા છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી જુલાઈ-૨૦૨૫

| | |
|---|---|
| તા. ૧૧-૦૭-૨૦૨૫ | પ.ભ. ધવલ રમેશભાઈ પટેલ - મહાદેવનગર |
| તા. ૧૩-૦૭-૨૦૨૫ | શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ - સાબરમતી-અમદાવાદ. |
| તા. ૧૯-૦૭-૨૦૨૫ | (સાંજે ૩ કલાકે) પ.ભ. ઘનશ્યામભાઈ મગનલાલ પટેલ - કુંડળવાળા - નવરંગપુરા |
| તા. ૨૦-૦૭-૨૦૨૫ | (સાંજે ૩ કલાકે) પ.ભ. અશ્વિનભાઈ વાસુદેવભાઈ મોદી - ભાડજ-અમદાવાદ -પ્રે. સ.ગુ. ઘનશ્યામ સ્વામી - કોટેશ્વર ગુરુકુળ |
| તા. ૨૭-૦૭-૨૦૨૫ | પ.ભ. પ્રિત મુકેશભાઈ વિનુભાઈ સોજીત્રા - એપ્રોચ-બાપુનગર. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "નિર્જળા એકાદશી ઉપવાસ"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

હમણા કથામાં આવ્યુ ને કે આપણને પીરસેલી તાળી મળી છે. તો આપણે ધ્યાન એ રાખવાનું કે પચી જાય. શરીર નિરોગી હોય તો બધુ પચી જાય એવી રીતે 'આત્મા' નિરોગી હોય તો આધ્યાત્મિક જ્ઞાન પણ પચી જાય, માટે આત્માને નિરોગી રાખવાનો પુરેપુરો પ્રયત્ન કરવાનો. **મહારાજ બધુ પીરસીને ગયા છે પણ આપણે એ રીતે ધ્યાન રાખીને જમવાનું કે આપણને પચી જાય.** આપણે મોટા ભાગે બારસના દિવસે અગિયારસ આવે છે. જે અગિયારસ બારસના યોગવાળી હોય છે. તે બહુ જ પ્રભાવશાળી હોય છે. શાસ્ત્ર પ્રમાણે બારસના ભાગવાળી અગિયારસ કરવાથી સો યજ્ઞ કરો એટલુ ફળ મળે છે. તો કહેવાનો અર્થ છે કે **બીજાને મળે એના કરતા સો ઘણું આપણને મળે એવું મહારાજ આપણને બતાવીને ગયા છે. દરેક બાબતમાં મહારાજ બધુ બતાવીને ગયા છે. આપણે માત્ર મહારાજે કહ્યું એ પ્રમાણે કરવાનું છે.**

નિર્જળા એકાદશીને દિવસે ઘણા લોકો એવા પ્રશ્નો પૂછે છે કે દૂધ પીવાય ? પાણી વગરના ચા-કોફી પીવાય ? અહિંયા એ સમજવાનું છે કે જો દૂધ-ફળફળાદિ લઈ લીધું તો એકાદશીનું ફળ મળે છે. પણ નિર્જળા એકાદશીનું ફળ મળતું નથી. બીજું એ છે કે ઘણા લોકો એવું કરે છે કે રાત્રે બાર વાગ્યા પછી પાણી ફળાહાર લઈ લે છે. એવું ના ચાલે રાત્રે બાર વાગ્યા પછીનો રિવાજ અંગ્રેજોનો છે. આપણો નથી. અને વિચારો દિવસ ક્યારે થાય ? જ્યારે સૂર્યોદય થાય પછી જ થાય ને. તો બાર વાગ્યા પછી ક્યારેય થાય છે. સૂર્યોદય ??? આપણે અંગ્રેજી રીતિ રિવાજ પ્રમાણે નહિ પણ **હિન્દુ ધર્મ પ્રમાણે બીજા દિવસના સૂર્યોદય પછી જ પાણી પીવાય, એકાદશીના દિવસે સૂર્યોદય પહેલા પાણી પીવું હોય તો પી શકાય.** જે વ્યક્તિ વ્રત કરી શકે એમ હોય અને જે લોકોને ખરેખર વિધિસર વ્રત કરવું હોય તેના માટેની આ બધી વાત છે. જેને દવા લેવી પડે એવું હોય અનિવાર્ય પરિસ્થિતિમાં એને પાણી સાથે લેવાય. ભગવાન અંતર્યામી છે. એમને બધી ખબર છે. અનિવાર્ય પરિસ્થિતિમાં માફ કરે છે. દવા લેવી પડે તો દુ:ખી નહિ થઈ જવાનું ભગવાનને કહેવાનું 'આપ રાજી રહેજો.' પણ બહાનુ નહિ બનાવવાનું દવા લેવી પડે એવી બીમારી હોય તો જ, શરદીની દવા, માથાની દવા એવી બધી દવા લેવાની છૂટ નથી. બીજું પૂજા કરવા બેસો તો **'આચમન'** લેવાય પણ આચમનના બહાને અડધો ગ્લાસ પાણી પી જઈએ એવું નહિ કરવાનું. કોગળા કરીએ તો અંદર પાણી ન જવું જોઈએ. મન બધી બાજુ લઈ જાય છે. પણ ધ્યાન રાખવાનું છે. એકાદશીના દિવસે વિષ્ણુસહસ્ત્ર નામનો પાઠ કરવાનો. કોઈની નિંદા નહિ કરવાની, ઓછું બોલવાનું, ગ્રામ્યવાર્તા નહિ કરવાની, જેવી રીતે દેહને આહાર નથી આપવાનો એવી રીતે ઈન્દ્રિયોને પણ આહાર નહિ આપવાનો. અર્થાત્ ઈન્દ્રિયોને નિયમમાં રાખવાની એ ખાસ ધ્યાન રાખવાનું. આ નિર્જળા ઉપવાસથી સર્વ પાપોનો નાશ થાય છે. માટે ઈન્દ્રિયો નિયમમાં રાખી શ્રધ્ધાથી ઉપવાસ કરવો. **નિર્જળા એકાદશીનો જે ઉપવાસ કરીએ છીએ, એનું જે ફળ હોય છે, એ દરેક પ્રહરમાં વૃદ્ધિ પામે છે.** ત્રણ કલાકનો એક પ્રહર હોય છે. દા.ત. એક પ્રહરનું ૫૦% પુણ્ય મળે છે. તો એ પ્રહર પછી બીજો પ્રહર પુરો થાય ત્યારે એ બીજા પ્રહરનું ૧૦૦% કરતા પણ ઘણું વધારે ફળ મળે છે. **એમ દરેક પ્રહરે પુણ્યની અભિવૃધ્ધિ થાય છે.** શાસ્ત્ર પ્રમાણે નિર્જળા એકાદશીને દિવસે જે વ્યક્તિ જળપાન કરતી નથી તેને પ્રત્યેક પ્રહરે કરોડો પલ સોનું આપ્યાનું પુણ્ય થાય છે. આ એકાદશીને દિવસે સ્નાન, દાન, જપ, હોમ કે જાગરણ જે કાંઈ કરો તે સઘળું 'અક્ષય' થાય છે. એટલે જે ફળ મળે છે એ અક્ષય હોય છે. **ક્યારેય પણ કોઈ પણ પરિસ્થિતિમાં આ ફળનો ક્ષય થતો નથી.** ઘણા લોકો કેવું કરે છે. ભૂખ્યા સમય કેવી રીતે પસાર કરવો. માટે, ઘરનું કામ બહુ દિવસથી બાકી હોય એ કામ લઈને બેસી જાય કે આજે રસોઈ નથી બનાવવાની તો સમય પણ જલ્દી જશે, ને બાકી રહી ગયેલું કામ પણ થઈ જશે. એવું નહિ કરવાનું, **એ પોતાની જાતને છેતરી કહેવાય. ઉપવાસ એટલે શું ? ઉપવાસનો અર્થ જ એ છે કે 'ભગવાનની સમીપમાં**

**રહેવાનુ' ખાવા-પીવાનું પણ ભાન ના રહે એવું ભગવાનના ભજનમાં વ્યસ્ત રહેવાનું. પોતાના મનને ભગવાનમાં જોડી રાખવાનું, ખાવા-પીવામાં મન ના જાય એટલે 'ભજન' સિવાય અન્ય પ્રવૃત્તિમાં મનને જોડી દે એને ઉપવાસ ના કહેવાય. એવું કરવાથી પુણ્ય મળશે નહિ.** આપણે કોઈપણ કાર્ય જ્યારે કરીએ છીએ ત્યારે એ કાર્ય કરવાનું 'લક્ષ્ય' હોય છે. કારણ હોય છે. તો એ કાર્ય સહેલાઈથી થઈ જાય છે. **આપણે એકાદશી વ્રત કરીએ તો એનો હેતુ શું છે ? કેમ કરો છો ? બધા કરે છે એટલે? એવો ભાવ રાખવાનો કે મહારાજ રાજી થાય અને એમનું 'સાંનિધ્ય' મને આપે, ત્યારે પ્રેમથી થશે.** નિર્જળા એકાદશી વ્રત પરાણે નહિ કરવાનું. મનથી તૈયાર રહેવુ પડે. મનથી નક્કી કરી લઈએ કે અત્યાર સુધી તકલીફ નથી થઈ તો હવે થશે નહિ. મહારાજ નિયમની સાથે સાથે શક્તિ પણ આપી દે છે. મહારાજ આપણી પાછળ ઉભા જ છે. મહારાજે કાંઈ આપણને હેરાન કરવા માટે આ બધા નિયમો નથી બનાવ્યા. જેમ એક માતા-પિતા બાળકને ગમે તે કરવાનું કહે તો એને હેરાન કરવા માટે નથી કહેતા. માતા-પિતાને પોતાના બાળકની ચિંતા હોય છે કે, મારુ બાળક ખોટા રસ્તે ના જાય, અનુશાસનમાં રહે. અને કાયમ બાળકની પાછળ ઉભા જ હોય છે. **એમ ભગવાન પણ આપણી ચિંતા કરે છે કે, કળિયુગમાં મારા ભક્ત છે તેને બધી રીતે તૈયાર કરી આપુ કે જેથી તેમને ફરીવાર અહિંયા મૃત્યુલોકમાં આવવું ના પડે. મારી પાસે આવી જાય અને સાથે સાથે શક્તિ પણ આપે છે. નહિ તો આટલી બધી ગરમીમાં શક્ય જ નથી. કેવી રીતે શક્ય બને ?** અને બીજું એ કે ભક્તોના સંગમાં રહેવાનું જેથી એકબીજાનું જોઈને પ્રેરણા મળે છે. આપણે બીજાને જોઈએ તો એવું થાય કે મારા કરતા ઉંમરવાળા છે તો પણ કરે છે. મારા કરતા નાના છે તો પણ કરે છે. **એમ સત્સંગીનો સાથ હોય તો પ્રેરણા મળે છે.**

વિધિથી નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી બધા શુકલપક્ષની અને કૃષ્ણપક્ષની સઘળી એકાદશીઓનું પુણ્ય મળે છે. આ એકાદશીના પુણ્યફળનું વર્ણન થઈ શકે તેમ નથી. સર્વ તીર્થોનું ફળ મળે છે. સઘળા દાનોનું ફળ મળે છે. માટે શરીર સાથ આપતું હોય તો ચોક્કસ કરવી જોઈએ. **આમાં બે વસ્તુ છે. બહાનું પણ નહિ બનાવવાનું અને એકાદશી મહાપરાણે પણ નહિ કરવાની. પ્રયત્નપૂર્વક શ્રધ્ધાપૂર્વક વ્રત કરવું જોઈએ.** ભગવાનને પ્રાર્થના કરવાની કે 'આપ' મારી સાથે રહેજો. શક્તિ આપજો જેનાથી હું સહેજે સહેજે આ વ્રત કરી શકું. અને ઉપવાસનું પારણું કરો ત્યારે તરત જમવાની થાળી લઈને બેસી જઈએ એવું નહિ કરવાનું. બધું ધીમે ધીમે લેવાનુ, પહેલા થોડું પાણી પીવાનું પછી લીંબુ શરબત પીઓ, પછી થોડું ફળફળાદિ લઈ લ્યો, પછી અનાજ લેવાય. શ્રી નરનારાયણદેવના ચરણોમાં એવી પ્રાર્થના કે આપણને બધાને એવી શક્તિ આપે કે આપણે નિર્જળા ઉપવાસ કરી શકીએ અને એમનો રાજીપો પ્રાપ્ત કરી શકીએ.

●

### ધર્મ એ જીવનનો સાર છે

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

નિષ્કુળાનંદ સ્વામી જીવાત્માને સાવધાન કરવા માટે ભલામણ કરે છે. **"ધર્મ ધર્મ સૌ કહે પણ ધર્મમાં બહુ મર્મ છે. ધર્મ તે ધર્મસુત વચન એજ પરમ ધર્મ છે."** આ તેમની વાત જો આપણને સાચી લાગતી હોય તો આપણા આ જીવન જીવવાની શૈલીમાં ઉજ્જવળતા જરૂર આવે. તેમજ આપણે મહારાજના વચન પ્રમાણેનું જીવન વિતાવી શકીએ. તેમ છતાં મનમાં પ્રશ્ન થાય કે ધર્મ એટલે શું ? મહારાજે જે બતાવેલી આજ્ઞા એજ ધર્મ છે. આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જીવન જીવીએ તેમાં કોઈ ધર્મનો છાંટો પણ ન કહેવાય. તિલક ચાંદલો કરીને આપણે ગમે તેટલી મોટી મોટી વાતો કરીએ તેથી શું ? જો એક પણ આજ્ઞાને આપણે આપણા જીવનમાં નિભાવીએ નહિ તો આપણે ભક્ત કેવી રીતે ગણાઈએ ?

આજે સમાજમાં ધર્મનો અર્થ પૂજપાઠ, કર્મકાંડ, વિગેરે વિધિ પૂરતો સિમિત બની ગયો છે. શિક્ષાપત્રીમાં ભગવાન સ્વામિનારાયણે ધર્મની સુંદર વ્યાખ્યા આપેલી છે જે શ્રૃતિ અને સ્મૃતિ તેમણે પ્રતિપાદિત કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. સ્મૃતિ શાસ્ત્રનું વિધાન છે. **આચારઃ પરમો ધર્મઃ** જે આચરણથી આલોક સંબંધી સ્વર્ગાદિકલોક સંબંધી અને મોક્ષ સંબંધી સુખની પ્રાપ્તિ થાય તેને ધર્મ કહેવાય. આહાર, નિંદ્રા, ભય, વિષય ભોગ વગેરે તો જેમ માણસમાં છે તેમ પશુમાં પણ છે. માનવીને ઉચ્ચકક્ષામાં મૂક્યો અને પશુને નીચી કક્ષામાં મૂક્યા. તે શા માટે ? કારણ કે માણસમાં ધર્મ

વિશેષ છે. અને કિંમત પણ એક ધર્મની જ છે. જેનામાં ધર્મ નથી તે માણસ છે તો પણ પશુ જ છે.

ધર્મ માનવને માનવ બનાવે છે. ધર્મ મર્યાદામાં રહે તે મહાન બને છે. જેમ ઘટાદાર વૃક્ષના મૂળ તે વૃક્ષના વિકાસનું નિયંત્રણ નથી. પરંતુ તેનું અસ્તિત્વ ટકાવી રાખવાનો આધાર છે. તેમ ધર્મ માણસની માણસાઈ ટકાવી રાખવાનો આધાર છે. ધર્મ માનવજીવનને તેજસ્વી બનાવે છે. ધર્મ માનવ જીવનમાં સંસ્કારના પ્રાણ ફુંકે છે. ધર્મ માણસને ઉર્ધ્વગામી બનાવે છે. ધર્મ વગરનું જીવન એ આત્મા વગરના શરીર જેવું છે. જેમાં ન હોય નૂર કે ન હોય પ્રકાશ. ન હોય પ્રાણ કે ન હોય પવિત્રતા. જીવનમાં પ્રાણ અને પવિત્રતા રેડનાર ધર્મ છે.

ધર્મ એ બોલવાનો વિષય નથી. જીવનનો વિષય છે. એ વિશેષણનો વિષય નથી. પણ કલેવર રંગવાનો વિષય છે. આપણું જીવન એ ધર્મનું પ્રથમ પગથિયું છે. ખરેખર માણસ બહારથી ગમે તેટલો ધાર્મિક દેખાતો હોય પરંતુ તેનું જીવન અંદરથી કલુષિત હોય, તેમજ સતાદ્વેષથી ભરેલું હોય. જીવનમાં અંદર ક્રોધ, અહંકાર આંટા મારતો હોય, લોભ-લાલસા-ઘૃણા અને માન સાથે પૂર્વગ્રહ હોય તો એ ખરો માનવજીવનનો ધર્મ છે જ નહિ. જીવનમાં વિક્ષેપ તો આવવાના જ. પરંતુ ધર્મ આપણને જીવન જીવતા શીખવે છે. આજ્ઞા પ્રમાણે યોગ્ય રીતે જીવએ તો એ ધર્મ બની જાય છે. ધર્મ અને જીવન કોઈ જુદા નથી. એક બીજાના પૂરક છે. ધર્મ તો ઉત્કૃષ્ટ જીવન જીવવાનો રાહ બતાવે છે. ધર્મ તો મને અને તમને સદાચારી બનાવવાની દિશા બતાવે છે. બાકી આપણે ધર્મને નેવે મૂકીને ક્યાં ઉભા છીએ એ મારે અને તમારે છાતી ઉપર હાથ રાખીને વિચારવાનું રહ્યું.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે જે ''ભગવાનની મૂર્તિનો આશ્રય કરતો હોય, ભગવાનના ચરિત્રો ગાતો-સાંભળતો હોય ને ભગવાનનું નામ સ્મરણ કરતો હોય ને જો તેમાં ધર્મ ન હોય તો માથે પાણો લઈને સમુદ્ર તરવાને ઈચ્છે એવો જાણવો. ધર્મનું આટલું બધુ મહત્વ હોવા છતાં બહુધા મનુષ્યો કૂતરા પાળે, બિલાડા પાળે, પોપટ પાળે, બીજું ઘણું બધુ પાળે પણ એક ધર્મ નથી પાળતા. ને વૃધ્ધ માતા-પિતાને નથી પાળતા. આ માનવ સમાજની એક કરૂણતા છે.

મનુષ્ય જીવનમાં જીવ પ્રાણી પ્રત્યે જો એક પ્રેમ નથી તો એના માટે ઈશ્વર પ્રાર્થના તેમજ ધર્મ અને ભક્તિ અસંભવ છે. જગતના તમામ જીવો પ્રત્યે પ્રેમ અને અનુકંપા હોવી જોઈએ. જે મનુષ્યના દિલમાં પ્રેમ હોય એ બીજા કોઈ પણ આત્માને દુ:ખી કરી શકે નહિ. જ્યાં પ્રેમ હોય તેના દિલમાં અખંડ દયાનું ઝરણું અવિરતપણે વહેતું હોય છે. આજે માણસમાં પ્રેમના ઝરણાઓ અટકી ગયા છે. પ્રેમને બદલે ઘૃણા અને તિરસ્કાર જ, કરૂણાને બદલે કઠોરતા, ઉદારતાને સ્થાને નરી કૃપણતા અને ત્યાગને બદલે રાગનું જોર વધ્યું છે. ખરેખર મનુષ્ય નિર્દય બનતો જાય છે. જ્યારે જેના દિલમાં પ્રેમ છે, કરૂણા છે, લાગણીશીલ છે એ માણસ પ્રભુની સમીપમાં છે.

આપણને મળેલા દુર્લભ માનવ જીવનને સમજી જો ન શકાય તો ધર્મને સમજવાનું ઘણું મુશ્કેલ છે. નહિતર ધર્મ એ તો જીવનનો સાર છે. મુક્તિનો માર્ગ છે. તો આપણે ધર્મના માર્ગે ચાલીને પરમકૃપાળુ સ્વામિનારાયણ ભગવાનની કૃપાને પાત્ર થઈએ. એમના ગમતામાં રહીએ ને તેમનું જ ધ્યાન ભજન-સ્મરણ કરીને છેલ્લે એમના અક્ષરધામમાં જઈ એ.

●

### પ્રેમી ભક્ત આંબા શેઠ

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

ભગવાન શ્રી સ્વામિનારાયણના અસંખ્ય ભક્તોમાં ગઢાળીના ચુસ્ત, સેવાભાવી, પ્રેમી ભક્ત ''આંબા શેઠ'' પ્રથમ પંક્તિમાં ગણ્યા છે. આંબા શેઠ ગઢાળી ગામના વતની હતા.

આંબા શેઠને પ્રભુ મેળવવાની ખૂબ તાલાવેલી, પ્રભુને સંભારી વનમાં નીકળી પડ્યા. અંતરથી પ્રભુને પ્રાર્થના કરી ત્યાં આકાશવાણી થઈ કે, ''પ્રભુએ અવતાર લીધો છે, દુર્ગપુર ગઢડામાં તુ જા ! ત્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તને મળશે !'' મહારાજના પ્રતાપ અને પ્રભાવ સાંભળતાની સાથે જ ભાવુક પ્રેમી હૃદય દર્શન કરવા અધીરૂ બન્યુ. પ્રેમાળ બાળક જેમ માતાની પાસે દોડી જાય તેમ તેઓ ઉઘાડા પગે, ઉતાવળા પગે દોડી ગઢપુર ગયા. મહારાજ સભામાં બેઠા હતા તેમને દૂરથી આવતા જોઈ મંદ-મંદ હાસ્ય કરી ''આવો આંબા શેઠ !'' નામ લઈને બોલાવ્યા. આંબા શેઠે દંડવત કર્યા. મહારાજે હેતથી ઉભા કરી સ્નેહથી ભેટ્યા માથે હાથ મૂક્યો અને મહારાજના આશ્રિત થયા.

આંબા શેઠના હૃદયમાં મહારાજ પ્રત્યે અમૃતમય પ્રેમ રસ સદાય વરસ્યા કરતો. કોઈપણ નવી વસ્તુ બનાવે - તો પ્રભુને અર્પણ કર્યા વિના વાપરેજ નહી. નાની મોટી સેવા પણ જાતેજ કરતાં.

આંબા શેઠનો રોજનો નિયમ -મળસ્કે વહેલા પરવારી મહારાજને દાતણ કરવાનો સમય થાય તે પહેલા ગઢાળી ગામથી ગઢડા ચાલીને દાતણ આપવા જાય. તે દાતણ આગલી રાતે સારામાં સારૂ લઈ, તેને એક બાજુથી અધકચરે કરી ખાંડેલી એલચીની કોથળીમાં આખી રાત મૂકી રાખે. આવું સુગંધીવાળું દાતણ - ઠંડી હોય કે વરસાદ મહારાજને અર્પણ કરવાની સેવા અંધારી રાતની પરવા કર્યા વિના મહારાજને જાતે આપી - દંડવત્ પ્રણામ કરે, સંતોને પગે લાગે પછી પ્રભુ સ્મરણ સાથે ગઢાળીમાં પાછા ફરતાં. દાતણ ચીજ નાની પણ ભાવ મોટો. શેઠના વિશિષ્ટ પ્રેમના પરિણામ રૂપી આવી વિશિષ્ટ સેવાથી મહારાજ પ્રસન્ન થઈ સદાય આંબા શેઠનું અંતઃકરણ શુધ્ધ રાખતા.

આંબા શેઠને મહારાજ ઓળખાયા પછી જીવન ઉન્નત બન્યું. પ્રેમથી આંબા શેઠ મહારાજ અને સંતોને માલપુઆ-દૂધપાક વગેરે જમાડતા. પોતે કૃતાર્થ થયા તેથી મહારાજ અને સંતોની સેવામાં ખડે પગે હાજર રહે છે. પછી મહારાજને બે હાથ જોડી વિનયથી કહે છે : મહારાજ ! મેં આપનું નામ ‘ન્યાલકરણ’ પાડ્યું છે. આપે મારા જેવા અનેક જનને ન્યાલ કર્યા છે. જે તમને મળે તે ‘ન્યાલ’ થઈ જાય ! તમારા જોગમાં આવનારા સહુને ન્યાલ કરવાની અલૌકિક સુખ આપવાની આપનામાં સામર્થી છે એમ મને અનુભવ થયો તેથી આપનું નામ ‘ન્યાલકરણ’ પાડ્યું છે. મહારાજ મંદ-મંદ હાસ્ય કરી પ્રેમી ભક્તની ખૂબ ઊંચી સમજણ થી ખૂબ રાજી થયા. આંબા શેઠે દશ મણ સાકર મંગાવી- પ્રસાદીની કરાવી આખા ગામમાં ‘જય ન્યાલકરણ’ કહી વહેંચી.

આંબા શેઠને ચાર દીકરા અને બે લાખના આસામી હતા પણ ઉચ્ચ સમજણથી બે દીકરા જે મહારાજનો સત્સંગ રાખતા - ભજન કરતા એ જ બે સાચા દીકરા-ખરી મૂડી જે પ્રભુ અર્થે સંત અર્થે - દાન પુણ્યમાં વપરાય તે ૬૦ હજાર તે ખરી મૂડી. આમ ઉંચી સમજણવાળા શેઠને મહારાજે ભેટી છાતીમાં ચરણારવિંદ આપ્યા.

●

## બદ્રીનાથ

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ)

લક્ષ્મણઝૂલાથી ચાલ્યા એવા વર્ણીરાજ વનપર્વતો ઓળંગતાં - ઓળંગતાં, નદીના ઓઘડ ઘાટો ઉતરતા-ચડતાં, વનપશુઓ, હરણ, પાડા, વાઘ-સિંહો જ્યાં તાડો નાખી રહ્યા છે, જ્યાં ભલભલાનું હૈયું ફાટી જાય એવામાં માત્ર બાર જ વર્ષના વર્ણીરાજ એકલા નિર્ભય થઈને આનંદ કિલ્લોલ કરી વિચરી રહ્યા છે. એમ ચાલતાં-ચાલતાં તેઓ બદ્રીનાથ પહોંચ્યા છે. બદ્રીનાથમાં નારાયણદેવ બિરાજમાન છે. બાજુમાં જ અલકનંદા નદી જાણે કે મદોન્મત બની હોય એમ ખળ ખળાટ વહી રહી છે. આ બરફમય પ્રદેશમાં વર્ણીરાજના શરીર પર કોપીન સિવાય કોઈ વસ્ત્ર નથી. ઠંડીના ચમકારાની તેમને કોઈ અસર નથી. સસ્મિત એક ભેડા ઉપર તેઓ બેઠા છે અને હિમાલયનાં સુંદર દશ્યને નિહાળી રહ્યા છે. તથા અલકનંદાના ખળખળ વહેતા પાણીનો મધુરો અવાજ સાંભળી રહ્યા છે. એવામાં બ્રાહ્મણના વેશે સત્યુગ વર્ણીરાજ પાસે આવ્યા અને પોતાનાં દુઃખનું નિવેદન કર્યું. પહેલાં બધા જ સત્ધર્મનું આચરણ કરતાં હતા. અત્યારે અધર્મનું આચરણ બધા જ કરવા લાગ્યા છે. તેથી મારી કોઈ ગણના નથી. વર્ણીરાજે આશ્વાસન આપતાં કહ્યું કે હું તારા દુઃખને દૂર કરીશ અને સત્ ધર્મનું સ્થાપન કરીશ. એવામાં એક બીજો પુરુષ વણિકનો વેશ ધારણ કરી આવ્યો અને કહે કે હું દ્વાપરયુગ છું. મારા સમયમાં બધા જ લોકો યજ્ઞ-યોગ આદિ કરતા અને સત્ધર્મનું આચરણ કરતા, દેવ સેવામાં તત્પર રહેતાં, આ બધું હવે બંધ થયું છે તો શ્રીહરિ હવે મારે શું કરવું. વર્ણીરાજ કહે છે કે આ બધાનો હું ઉપાય કરીશ, તું ચિંતા કરીશ નહી અને વરદાન આપ્યું. પછી ક્ષત્રિય નો વેશ ધારણ કરી એક પુરુષ આવ્યો અને કહે કે હું ત્રેતાયુગ છું, મારા સમયમાં લોકો યજ્ઞ દ્વારા દેવતાઓનું પૂજન કરતા, ધર્મનું પાલન કરતા. આ સમયે કોઈ કરતા નથી. વર્ણીરાજે વચન આપ્યું કે યજ્ઞ યજ્ઞાદિ, પૂજન, ભજન કરાવીશ. તું ચિંતા કરીશ નહી. ત્યારબાદ ભીલ જેવો એક પુરુષ આવ્યો અને કહે કે હું કળિયુગ છું. આપ પ્રગટ થયા એટલે હવે અધર્મનો નાશ થશે તો મારે હવે ક્યાં રહેવું ? વર્ણીરાજ કહે કે જે અધર્મનું આચરણ કરે ત્યાં તું રહેજે. એટલે કળિયુગ રાજી થઈ વર્ણીરાજને નમસ્કાર કરી આગળ ચાલ્યો ગયો.

આમ ચારેય યુગોએ પોતાના દુઃખનું નિવેદન કર્યું. નારાયણ ભગવાને શ્રી વર્ણીરાજની મનુષ્ય સ્વરૂપ ધરી આરતી ઉતારી.

શ્રી સ્વામિનારાયણ

# સમૈયો

## ના ઉપલક્ષમાં

**સમૈયાના ઉપલક્ષમાં વિશ્વના સૌ પ્રથમ અમદાવાદ મંદિરમાં હીરના હિંડોળા દર્શન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની સુંદર પ્રેરણાથી તથા સ.ગુ. કોઠારી શા.સ્વા. નારાયણમુનિદાસજીની સુંદર દેખરેખ માર્ગદર્શનથી વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે આપણા આગામી મહામહોત્સવ સમૈયોના ઉપલક્ષમાં આપણા નિજ મંદિરના પાછળના ભાગે સુંદર કલાત્મક હીરના હિંડોળા દર્શન તા. ૧૦-૭-૨૦૨૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે દર્શનાર્થે ખુલ્લાં મૂકવામાં આવ્યા હતા. આ સિવાય નિજ મંદિરમાં પણ સુંદર હીરનું સુશોભન કરવામાં આવ્યું હતું.

ઠાકોરજી સમક્ષ નિજ મંદિરમાં અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ બીજ સુધી પરંપરાગત અવનવા ઝરી, ડ્રાઈફ્રુટ, શાકભાજી, લીલામેવા, પવિત્રા, રાખડીઓ આદિના કલાત્મક ભવ્ય હિંડોળા બનાવી શ્રી બાલમુકુન્દ ભગવાનને પૂજારી બ્રહ્મચારી સ્વામી સવારે નિત્યે ઝુલાવી દર્શન કરાવતા હતા.

આ તમામ હિંડોળાની સેવા આપણા નિષ્ઠાવાન હરિભક્ત પ.ભ. રણજીતસિંહ દરબાર, શ્રી હાર્દિકભાઈ રાજપુરોહિત, પંકજભાઈ ભાવસાર તથા શહેર વિસ્તારના યુવક મંડળના યુવાનો દરરોજ સેવા કરવા આવતા હતા. હરિભક્તોની સેવાને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ બિરદાવીને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

**પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે તુલસીના કુંડાનું વિતરણ**

આગામી સમૈયાના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ખાતે તા. ૬-૭-૨૦૨૫ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પર્યાવરણના એક ભાગ રૂપે તુલીસાના કુંડાનું હરિભક્તોને મોટી સંખ્યામાં વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે અમદાવાદ મંદિરના મહંત સ્વામી અને આદિ સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. (કોઠારી સ્વામી કાલુપુર મંદિર)

**દંઢાવ્ય દેશના શિરોમણી પ્રસાદીભુત માણસા ધામે બાળયુવા શિબિર અને શિક્ષાપત્રી વકૃત્વ સ્પર્ધા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ આપણા ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અધ્યક્ષતામાં આયોજીત આગામી આપણો મહામહોત્સવ ''સમૈયો''ના ઉપલક્ષમાં પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. અજયપ્રકાશદાસજી (માણસા) તથા સ.ગુ. મહંત શા. સ્વા. દેવપ્રકાશદાસજી (ઉનાવા)ના સુંદર માર્ગદર્શનથી દંઢાવ્ય પ્રદેશના મહાન પ્રસાદીની ભૂમિ માણસાધામે તા. ૧૩-૭-૨૦૨૫ ને રવિવાર સવારે ૯ થી ૧૨ દરમ્યાન ચૌધરી સંકુલ માણસા ખાતે બાળ-યુવા શિબિર અને શિક્ષાપત્રી વકૃત્વ સ્પર્ધાનું સુંદર આયોજન થયું હતું. જેમાં માણસા અને આજુબાજુના ૨૦૦ ઉપરાંત બાળકો-યુવાનોએ શિક્ષાપત્રી વકૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ સૌને સ્પર્શી જાય તેવું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

આ પ્રસંગે અમદાવાદ મંદિરથી સંતો પધાર્યા હતા. સમગ્ર આયોજનમાં ખૂબજ સક્રિય એવા પ.ભ. વિપુલભાઈ ચૌધરી (બાપુપુરા) અને પ્રો. પ્રવિણભાઈ ચૌધરીની પ્રેરણાત્મક સેવા રહી હતી. (કોઠારી સ્વામી - કાલુપુર મંદિર)

**સિધ્ધપુર-ખાણ (રાજ.) શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સમૈયાના ઉપલક્ષમાં થયેલી સભાઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી સ.ગુ. મહંત શા. સ્વા. કુંજવિહારીદાસજી (સિધ્ધપુર-ખાણ) એ શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના સમૈયોના ઉપલક્ષમાં નીચેના ગામોમાં સતત વિચરીને સત્સંગ સભા કરી હરિભક્તોને આપણા સમૈયોની રૂપરેખા સમજાવી હતી.

પ્રાંતિજ-મોડાસા દેશ : આકરૂંદ, દેવીયા, મોયદ, સાયરા, ધનસુરા, રાણીપુરા, ખેરોલ, બાયલ (ઢાકરોલ).

વિહાર ગેરિતા દેશ : વિજાપરુ, વજાપુર, ભાણપુર, જેપુર, સાંકાપુરા, રણછોડપુરા.

ખાણ શિરોહી (રાજ.) દેશ : ખાણ ગામ શિરોહી.

સિધ્ધપુર-ઉંઝા દેશ : સિધ્ધપુર, ઉંઝા પંચવટી, ચાણસ્મા, પાટણ, ઉંઝા બ્રાહ્મણ શેરી, મંડલોપ આદિ ગામોના હરિભક્તોને સભા દ્વારા સત્સંગ કથા વાર્તા કરી સુંદર લાભ આપ્યો હતો. (મહંત શા. સ્વા. કુંજવિહારીદાસજી (સિધ્ધપુર-ખાણ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા (ઈડર પ્રદેશ) સમૈયા અને જેતલપુર દ્વિશતાબ્દીના ઉપલક્ષમાં થયેલ પ્રવૃત્તિઓ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી સ.ગુ. કોઠારી સ્વામી વિશ્વપ્રકાશદાસજી તથા પૂજારી સ્વા. બાળકૃષ્ણદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર લાલોડા દ્વારા શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષ સમૈયો અને જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં અનેકવિધ આયોજન પૈકી તા. ૨૨-૬-૨૦૨૫ એકાદશીના લાલોડા ધામથી ઈડરધામ શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજના દર્શનાર્થે પદયાત્રા યોજી હતી. જેમાં ઘણા હરિભક્તો જોડાયા હતા. તા. ૬-૭-૨૦૨૫ એકાદશીના રોજ લાલોડાધામથી જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના દર્શને બાઈક રેલી દ્વારા ૨૦૦ હરિભક્તો જોડાયા હતા. અત્રે લાલોડાધામ મંદિરમાં સમૈયો અને જેતલપુર ૨૦૦ વર્ષના ઉપલક્ષમાં ૧ કલાક મહામંત્ર ધૂન રોજ કરવામાં આવે છે. અહીંનું સંત મંડળ ખૂબજ સુંદર સત્સંગ પ્રવૃત્તિ દ્વારા હરિભક્તોને સમૈયોનું માર્ગદર્શન આપે છે.

(શા. સ્વા. પ્રેમપ્રકાશદાસજી - લાલોડાધામ)

# સત્સંગ સમાચાર

### વિશ્વના સૌ પ્રથમ મંદિર અમદાવાદમા ગુરુ પૂર્ણિમા મહોત્સવ

વિશ્વના સૌ પ્રથમ મહા મંદિર શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં અષાઢ સુદ-૧૫ તા. ૧૦-૭-૨૦૨૫ ને ગુરુવારના ગુરુ પૂર્ણિમા મહોત્સવ દબદબાભેર ઉજવાયો.

સૌ પ્રથમ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું મુખ્ય પ્રવેશદ્વારમાં આગમન થતા પૂ. મહંત સ્વામી, હજારો સંત-હરિભક્તોએ ઉમળકાભેર સ્વાગત સામૈયું કરી ધર્મવંશીને વધાવ્યા હતા. પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી ઉતારી દેવના દર્શન કરી અમદાવાદ મંદિર દ્વારા સંત-હરિભક્તોના સુંદર પ્રયાસથી નિજ મંદિરના પાછળના ભાગે સુંદર અલૌકિક હીરના કલાત્મક હિંડોળાનું ઉદ્ઘાટન કરીને હરિભક્તોની સગવડતા સચવાય તે માટે ભોજનાલયમાં જવા માટેનું સભા મંડપની નીચે સુંદર પ્રવેશદ્વારને પણ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામાં બિરાજમાન થયા હતા. આપણી સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્વાન વિપ્ર બટુકોએ સંસ્કૃત ભાષામાં સુંદર સ્વસ્તી વાચન કર્યું હતું. ત્યારબાદ સંતો અને યજમાન પરિવારોએ સમૂહમાં ધર્મવંશીની આરતી ઉતારી પૂજન કર્યું હતું. પ્રાસંગિક સભામાં પૂ. સ.ગુ.શા.સ્વા. નિર્ગુણદાસજી, પૂ.સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર) અને પૂ. સ.ગુ. મહંત શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીએ સર્વે સંતો વતી પ.પૂ. મહારાજશ્રીને શુભેચ્છા પાઠવી હતી. અને આપણા આગામી ઉત્સવો સમૈયો, જેતલપુર દ્વિશતાબ્દી મહોત્સવ, આચાર્ય સ્થાપના મહોત્સવ, બદ્રિનારાયણ ધામ મૂર્તિ પ્રતિષ્ઠા આદિ આપણા વિવિધ મહોત્સવો તેમજ દેશ વિદેશમાં કેનેડા, ઓસ્ટ્રેલીયા, છપૈયાધામ, ન્યુનિકોલ, કુડાસણ, કાલુપુર મંદિર, દહેગામ, ભાભર, શાંતિગ્રામ, શિલજના કરોડોના મહામંદિરોના પ્રોજેકટની હરિભક્તોને જાણકારી આપી હતી. પૂ. રામ સ્વામીએ સભાપતિનું સુંદર સૂકાન સૂપેરે સંભાળ્યું હતું. પુ. મૂનિ સ્વામીને તો દાદ દેવી પડે તેવી તમામ પ્રકારની શણગાર-સુશોભન યુવક મંડળ, પાર્કિંગ - પ્રસાદ ભોજનમાં પૂ. ભંડારી સ્વામી, બાલુ સ્વામી, દિવ્યસ્વરૂપ સ્વામી આદિ સેવા સંત-હરિભક્તોએ નિષ્ઠાપૂર્વક કરી હતી. હજારોની હરિભક્તોની ઉપસ્થિતિ છતાં સુંદર વ્યવસ્થા જળવાય એજ શ્રી નરનારાયણદેવની કૃપા છે. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ સભામાં ચીઠ્ઠી લખીને તમામ બહેનો હરિભક્તોની ધીરજ અને શ્રધ્ધાને ખૂબ વખાણી હતી.

ગુરુપૂર્ણિમાના સેવાભાવી યજમાનો : પ.ભ. શાલિન અરવિંદભાઈ દોંગા પરિવાર (અમદાવાદ), પ.ભ. પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ પરિવાર (સેડલાવાળા), પ.ભ. પરષોતમદાસ ત્રિભોવનદાસ પટેલ પરિવાર (ભાઉપુરા), પ.ભ. ચંદ્રકાંતભાઈ દારજીભાઈ પટેલ પરિવાર (કલાપીગૃપ વસ્રાલ), પ.ભ. રણછોડભાઈ વિઠ્ઠલભાઈ પટેલ પરિવાર (ભગત) (ગાંધીનગર), અ.નિ. શંકરલાલ નારણદાસ પટેલ પરિવાર (કોઠાવાળા) - હ. પ.ભ. અક્ષર ચંદ્રકાંતભાઈ પટેલ (રાણીપ), પ.ભ. ઘનશ્યામભાઈ કુબેરદાસ પટેલ પરિવાર (વિહારવાળા) - હ. ડૉ. સમીર ઘનશ્યામભાઈ પટેલ, અ.નિ. ભક્તિભાઈ આત્મારામભાઈ પટેલ પરિવાર (ડાંગરવાવાળા) - હ. પ.ભ. નરેન્દ્રભાઈ, શ્રી શ્રેણીકભાઈ, અ.નિ. શ્રી કમલેશભાઈ (રાણીપ).

તમામ યજમાન પરિવારોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. આજની સુંદર કથા પૂ. મહંત સ્વામીના શિષ્ય સ્વા. દિવ્યસ્વરૂપદાસજીએ કરી હતી.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ ટકોર કરીને દેવની નિષ્ઠા-ધર્માદો કરવા વિશે ભલામણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા. હવેલીમાં પણ અ.સૌ. પ.પૂ. ગાદીવાળાશ્રીના દર્શન-આશીર્વાદ માટે બહેનો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

હરિભક્તોએ શિસ્ત બધ્ધ રીતે ધર્મવંશીના દર્શન કરી ખૂબજ ધન્ય બન્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીને વિલ્સડન મંદિર સુવર્ણ જયંતી મહોત્સવમાં પધારવાનું હોય પણ લાખો હરિભક્તોનો અનહદ પ્રેમ-લાગણી અને નરનારાયણદેવના દર્શન આદિ કાર્યક્રમ પૂર્ણ કરી રાત્રે સંત-પાર્ષદ મંડળ સાથે લંડન પધાર્યા હતા.

(કોઠારી સ્વામી, કાલુપુર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર અમદાવાદ વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના

આશીર્વાદથી તથા કાંકરિયા રામબાગ શ્રી સ્વામિનારાયણ મંદિરના યુવા ઉત્સાહી મહંત સ.ગુ. શા. સ્વામી અભિષેકપ્રસાદદાસજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુરનો વાર્ષિક પાટોત્સવ તા. ૨૩-૭-૨૦૨૫ અષાઢ વદ-૧૪ ના રોજ સ્થાનિક હરિભક્તો-કોઠારીશ્રી મુકેશભાઈ આદિ હરિભક્તોના સુંદર પ્રયાસથી ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે કાંકરિયા મંદિરથી પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર) સ.ગુ. મહંત શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજી (કાંકરિયા) અને સ.ગુ. શા. સ્વા. આનંદજીવનદાસજીએ રાત્રે ૯-૩૦ થી ૧૧-૩૦ કથા વાર્તા કરી શ્રીહરિ ભગવાનની લીલા ચરિત્ર વાતો, અને આપણા આગામી મહામહોત્સવ સમૈયોના ઉપલક્ષમાં આયોજીત વિવિધ કાર્યક્રમની રૂપરેખા સમજાવી હતી. સાથે સાથે શિક્ષાપત્રીમાં મહારાજે પંચદેવ પૂજવાની આજ્ઞા કરી છે તેનું પણ માહાત્મ્ય સંતોએ કહ્યું હતું. આ પ્રસંગે કાંકરિયા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને અત્રેના હરિભક્તોએ મહામંત્ર ધૂન કરી હતી. પૂ. મહંત શા. સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારી હરિભક્તોને દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો.

(કોઠારીશ્રી - ગોમતીપુર મંદિર)

**જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં કરશનપુરા (જી. મહેસાણા) ગામે ૨૦૦ કલાકની અખંડ ધૂન**

જેતલપુરધામ નિવાસી પરમકૃપાળુ સંકલ્પ સિધ્ધ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી કરશનપુરા ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જેતલપુરધામ દ્વિશતાબ્દીના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની મહામંત્ર ધૂનનું સુંદર આયોજન થયું હતું. ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૧-૭-૨૫ ના રોજ જેતલપુરધામથી સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી, મહેસાણાથી સ.ગુ. સ્વા. નારાયણપ્રસાદદાસજી, મહંત સ.ગુ. શા. સ્વા. વિશ્વપ્રકાશદાસજી (નારણપુરા-મહેસાણા), બ્ર. શા. સ્વા. હરિસ્વરૂપાનંદજી (કાલુપુર ટ્રસ્ટીશ્રી), શા. જનમંગલ સ્વામી આદિ સંત મંડળે ઠાકોરજીની આરતી-કથાવાર્તા કરી હરિભક્તોને રાજી કર્યા હતા.

(શા. જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

**જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં જોશીપુરા (ખાખરિયા) ગામે ૨૦૦ કલાકની અખંડ ધૂન**

જેતલપુરધામ નિવાસી પરમકૃપાળુ સંકલ્પ સિધ્ધ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, પૂ. મહંત સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી જેતલપુરધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં જોશીપુરા (ખાખરિયા) ગામે ૨૦૦ કલાકની અખંડ ધૂનનું સુંદર આયોજન થયું હતું. તા. ૬-૬-૨૦૨૫ ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે મહેસાણાથી સ્વા. નારાયણપ્રસાદદાસજી, સ.ગુ. મહંત સ્વા. વિશ્વપ્રકાશદાસજી (મહેસાણા-નારણપુરા), મહંત સ.ગુ. શા.સ્વા. દેવસ્વરૂપદાસજી (જયપુર) અને શા. સ્વા. અખંડસ્વરૂપદાસજી આદિ સંત મંડળે પધારી કથાવાર્તા કરી ધૂનની પૂર્ણાહુતિની આરતી ઉતારી હતી.

(શા. જનમંગલ સ્વામી - જેતલપુરધામ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા (સીતા દરવાજા) ૧૬૧ મો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી પરમકૃપાળુ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી પ.પૂ. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રામાં (સીતા દરવાજા) બિરાજમાન ઠાકોરજીનો ૧૬૧ મો પાટોત્સવ તા. ૩-૭-૨૦૨૫ ના રોજ વિધિવત રીતે ઉજવાયો. આ પ્રસંગે મૂળીધામના રણજીતગઢ મંદિરમાં રહેતા સંતોએ ઠાકોરજીની અન્નકૂટ આરતી કરી કથા કરી હતી. અમદાવાદમાં પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલ આત્માની શાંતિ માટે ૪ કલાક મહામંત્ર ધૂન કરી હતી.

(પ્રતિ. અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

**હળવદ પ્રસાદી મંદિર અને ચરાડવા મંદિરે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવાયો**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મૂળી પ્રદેશના આપણા હળવદ (પ્રસાદી મંદિર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અષાઢ સુદ-૧૫ ગુરુ પૂર્ણિમા તા. ૧૦-૭-૨૦૨૫ ના રોજ સ.ગુ. શા. સ્વા. ભક્તિનંદનદાસજીએ હળવદના તમામ હરિભક્તોને સભામાં આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી શ્રી નરનારાયણદેવ દેશના સર્વ આશ્રિત માત્રના ગુરુ સ્થાને બિરાજી પોતાના ભક્તોનું કેમ રૂડું, મંગળ થાય એ માટે સદાય આપણા સત્સંગી માત્રનું પોષણ કરી રહ્યાં છે. એમ કહી ધર્મકુળનું સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીના શબ્દોમાં મહાત્મ્ય કહ્યું હતું.

તેજ રીતે ચરડવા મંદિરમાં ત્યાંના મહંત શા.સ્વા. દિવ્યપ્રકાશદાસજીએ સભામાં સૌ હરિભક્તો સાથે ગુરુ પૂજન અર્ચન કરી ધર્મવંશીનો મહિમા માહાત્મ્ય કહ્યું હતું.

(પ્રતિ. અનિલ દૂધરેજીયા - ધ્રાંગધ્રા)

# સંવત ૨૦૮૧-૮૨ ના વર્ષમાં ચોમાસામાં ગામડાંઓમાં (દેશ) કથા કરવા ગયેલ સંતોની યાદી

| દેશનું નામ | મંડળધારીનું નામ |
|---|---|
| અમદાવાદ શહેર ચોર્યાસી | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજી (કાલુપુર) |
| કણભા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કાલુપુર) |
| બાલાસિનોર | સ.ગુ. શાસ્ત્રી સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી (કાલુપુર) |
| આંતરોલી | સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડા) |
| લુણાવાડા | સ.ગુ. સ્વામી આનંદસ્વરૂપદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી (પોરડા) |
| મારૂસણા-કટોસણા | સ.ગુ. સ્વામી અજયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગદીશપ્રસાદદાસજી (ધોળકા) |
| ટ્રેન્ટ સીતાપુર | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| વિસનગર | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારણવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિસેવાદાસજી (વડનગર) |
| કપડવંજ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામદાસજી ગુરુ સ.ગુ. સ્વામી કેશવચરણદાસજી (કાલુપુર) |
| વિહાર-ગેરીતા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર) |
| વડું-ડાંગરવા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી યજ્ઞપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી ગુરુપ્રસાદદાસજી (કલોલ) |
| બાલવા | સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ઉનાવા) |
| ભાત-કાસીન્દ્રા | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બોપલ) |
| વિરમગામ | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી નરનારાયણદાસજી (જેતલપુર) |
| લાંઘણજ | સ.ગુ. શાસ્ત્રી સ્વામી સચ્ચિદાનંદજી ગુરુ શા. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (મૂળી) |
| મોખાસણ | સ.ગુ. શા. સ્વામી ગુરુપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિગોવિંદદાસજી (કલોલ) |
| ઉંઝા (સિધ્ધપુર) | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર) |
| બનાસકાંઠા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કોટા) |
| પોર-વાવોલ | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી સત્યસંકલ્પદાસજી (નારાયણઘાટ) ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી (કાલુપુર) |
| ધમાસણા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (બાપુનગર) |
| પ્રાંતિજ-મોડાસા | સ.ગુ. સ્વામી ગોપાલસ્વરૂપદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી |
| સાણંદ-ગોધાવી | સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધ્યાનપ્રિયદાસજી (બોપલ) |
| શિરોહી | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી કુંજવિહારીદાસજી (સિધ્ધપુર) |
| સાદરા-વાસણા | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી (બાપુનગર) |
| કુડાળ-રાજપુર | સ.ગુ. મહંત સ્વામી સદ્‌ગુણદાસજી (હિંમતનગર) |
| સંતરામપુર | સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડા) |
| નળકંઠા | કોઠાર હસ્તક |
| ખાખરીયા | સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી ગુરુ સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી |

નોંધ : આ દેશમાં કોઈ નવું ગામનું નામ ઉમેરવું હોય તો બાલુ સ્વામીનો સંપર્ક કરવો

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**વૈશાખ સુદ-૧** પ.ભ. મૂળજી હિરજી કેરા (માંડવી-કચ્છ), પ.ભ. ધનજીભાઈ નાથાભાઈ પટેલ (સુરત). **વૈશાખ સુદ-૨** પ.ભ. પ્રતિક નરેન્દ્રભાઈ ઠક્કર (અમદાવાદ), અ.નિ. સ.ગુ. સ્વા. હરિકેશવદાસજી (બામરોલી મંદિર -એમ.પી.). **વૈશાખ સુદ-૩** સ.ગુ. સ્વા. પ્રભુચરણદાસજી (વેડરોડ સુરત સ્વા. મંદિર), સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (પોરડા), પ.ભ. કેસરા ધનજી વેકરીયા (માંડવી-કચ્છ), પ.ભ.અ.નિ. ચિમનભાઈ કેશવલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. ઘનશ્યામભાઈ સોડાભાઈ ગોહીલ (ભાવનગર). **વૈશાખ સુદ-૪** પ.ભ. ડૉ. હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ પટેલ (સાપાવાડા), પ.ભ. કિરણ ધીરજ પિંડોરીયા (મુંબઈ), આધ્યા વુમન હોસ્પિટલ (અમદાવાદ). **વૈશાખ સુદ-૫** પ.ભ. જૈમિનકુમાર ભરતભાઈ ચૌધરી (માણેકપુર). **વૈશાખ સુદ-૬** પ.ભ. ખેમજીભાઈ રામજીભાઈ પટેલ (અમદાવાદ). **વૈશાખ સુદ-૭** પ.ભ. નિલયુકમાર મહેશકુમાર મીસ્ત્રી (હાલોલ), પ.ભ. શ્રીધર અવિનાશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. આરના કુનલકુમાર પટેલ (ધમાસણા), પ.ભ. રાજેશભાઈ મનુભાઈ પાંભર (બોપલ). **વૈશાખ સુદ-૮** પ.ભ. કેસરબેન વિસરામ પિંડોરીયા (માંડવી-કચ્છ). **વૈશાખ સુદ-૯** પ.ભ. ઉજાસ મહેન્દ્રભાઈ પટેલ (મુંબઈ), પ.ભ. દિનેશભાઈ ધનજીભાઈ વરસાણી (સામત્રા-કચ્છ), પ.ભ. રમણભાઈ ચુનીલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. અર્થ કૌશિકકુમાર અરવિંદભાઈ પટેલ (ઉનાવા), પ.ભ.અ.નિ. પુરબાઈ વાઘજી કેરાઈ (કોડકી-કચ્છ). **વૈશાખ સુદ-૧૦** પ.ભ. જીતેશ કાનજી વરસાણી (ભારાસર-કચ્છ), પ.ભ. સુરેશભાઈ ભક્તિદાસ પટેલ (રાણીપ). **વૈશાખ સુદ-૧૧** પ.ભ.અ.નિ. કુરજી કરશન વરસાણી (ભારાસર-કચ્છ). **વૈશાખ સુદ-૧૨** પ.ભ.અ.નિ વિશ્રામ દેવજી પિંડોરીયા (સરલી-કચ્છ), પ.ભ. પ્રવિણભાઈ (સેડલાવાળા-અમદાવાદ), શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે (ભાયલા), પ.ભ. કાંતાબેન વાલજીભાઈ હિરાણી (મદનપુર-કચ્છ), પ.ભ.અ.નિ. વાઘજી મનજી વેકરીયા (કચ્છ), પ.ભ. મંજુલાબેન વિક્રમભાઈ (ઝુંડાલ), પ.ભ. મયંક કામદાર (પોરબંદર-લીલાનંદ મેગ્નેશીયર), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારાયણપર-કચ્છ). **વૈશાખ સુદ-૧૩** પ.ભ. રામબાઈ નારણ હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. નારણભાઈ છગનભાઈ પટેલ (ગોઠીબ). **વૈશાખ સુદ-૧૪** પ.ભ. વિષ્ણુભાઈ હરગોવિંદદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. કૌશિકભાઈ ડાહ્યાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. અભિષેક જસવંતભાઈ પટેલ (સુરજ), પ.ભ. નીતિનભાઈ કાંતિલાલ સોની (અમદાવાદ), પ.ભ.અ.નિ. ચેહરબેન દલસંગભાઈ ચૌધરી (ભીમપુરા). **વૈશાખ સુદ-૧૫** પ.ભ. રામચંદ્ર ચિમનલાલ પટેલ.

**વૈશાખ વદ-૧** પ.ભ. લક્ષ્મણભાઈ કામાભાઈ ચૌધરી (માતાપુરા-છાલા). **વૈશાખ વદ-૨** પ.ભ. મંજુબાઈ મનજી ખેતાણી (મદનપુર-કચ્છ), પ.ભ. અરવિંદભાઈ શીવાભાઈ અગોલા (અમદાવાદ), પ.ભ. રોહિતકુમાર માણેકલાલ પટેલ (અમદાવાદ), પ.ભ. અતુલભાઈ બી. શુકલા (અમદાવાદ). **વૈશાખ વદ-૩** પ.ભ. નીતાબેન ઘનશ્યામભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. ઘનશ્યામભાઈ શંકરદાસ પટેલ (મોખાસણ). **વૈશાખ વદ-૪** પ.ભ.અ.નિ. પરસોતમભાઈ નારણભાઈ પટેલ (ચેનપુર), પ.ભ. બાબુલાલ મથુરદાસ પટેલ (અમદાવાદ), પ.ભ. જીવીબાઈ કાનજી કેરાઈ (કચ્છ). **વૈશાખ વદ-૫** પ.ભ.અ.નિ. કાનબાઈ વિશ્રામ ગાંગજીયાણી (દહીંસરા-કચ્છ), પ.ભ.અ.નિ. રવજી કાનજી હિરાણી (માનકુવા-કચ્છ), પ.ભ. મિત કલ્પેશ ડાહ્યાલાલ ભાવસાર (ગાંધીનગર). **વૈશાખ વદ-૬** પ.ભ. ભૌમિક નાથાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. સુરેશભાઈ માધાભાઈ દેસાઈ (અમદાવાદ), સ.ગુ. સ્વા. શ્રીપ્રકાશદાસજી ગુરુ સ્વા. ઘનશ્યામદાસજી (કાલુપુર મંદિર), પ.ભ. કિશોરભાઈ શાહ (વડતાલ), પ.ભ. મૌલિનભાઈ (ગાંધીનગર), પ.ભ.અ.નિ. પ્રવિણચંદ્ર ચતુરદાસ સોની (નારણપુરા), પ.ભ. નરસિંહભાઈ નથુભાઈ ટીલવા (વંથલી). **વૈશાખ વદ-૬/૭** પ.ભ.અ.નિ. રમણ ભગત (પલસાણા). **વૈશાખ વદ-૮** પ.ભ. પાર્થ અશ્વિનભાઈ ઢાંકેચા (અમદાવાદ). **વૈશાખ વદ-૯** અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીકૃષ્ણદાસજી (ભચાઉ-કચ્છ). **વૈશાખ વદ-૧૦** પ.ભ. મનીષાબેન લાલજી પિંડોરીયા (ગોધરા-કચ્છ). **વૈશાખ વદ-૧૧** શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે (અમદાવાદ). **વૈશાખ વદ-૧૨** પ.ભ. રમેશભાઈ એન. પૂજારા (અમદાવાદ), પ.ભ. નરહરિભાઈ એમ. ત્રિવેદી (નારણપુરા), પ.ભ.અ.નિ. મુક્તાબેન આર. પટેલ (અમદાવાદ), પ.ભ. વેલજીભાઈ પ્રેમજી વરસાણી (માનકુવા-કચ્છ), પ.ભ. મનીષભાઈ દેવચંદભાઈ પટેલ (લાલોડા), પ.ભ. મનજી શિવજી હિરાણી (નારણપર-કચ્છ), પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (અમદાવાદ), પ.ભ. જયંતીભાઈ નનુભાઈ સુહાગીયા (પીઠવડી), પ.ભ. રતનબેન નાનજીભાઈ હિરાણી (સુખપરરોહા-કચ્છ), પ.ભ. નાનજીભાઈ રામજીભાઈ હિરાણી, પ.ભ. કમલેશભાઈ પટેલ (સલાલ), પ.ભ.અ.નિ. દિવાળીબા વલ્લભભાઈ નસીત (અમદાવાદ), પ.ભ. સાહિલભાઈ હિતેષભાઈ સોની (અમદાવાદ). **વૈશાખ વદ-૧૩** પ.ભ. મૌલિક પ્રફુલભાઈ પટેલ (બુવા-ભરૂચ), પ.ભ. કનુભાઈ ભવાનભાઈ સોરઠીયા (અમદાવાદ), પ.ભ.અ.નિ. સંગીતાબેન સુરેશભાઈ પટેલ (ઘમાસણા), પ.ભ. મધુસુદનભાઈ રતીલાલ પૂજારા (અમદાવાદ). **વૈશાખ વદ-૧૪** પ.ભ.અ.નિ. કાનબાઈ વિરજી હિરાણી (માંડવી-કચ્છ), પ.ભ. પ્રવિણ કરશન રાબડીયા (રામપરવેકરા-કચ્છ). **વૈશાખ વદ-૩૦/૧** વિવાન આર્ટ (સુરત), પ.ભ. તેજસ દેવેન્દ્રભાઈ પટેલ (નાગપુર-મહારાષ્ટ્ર)

Printed and Published by **Shastri Swami Purushottamprakashdasji** on behalf of **Shree Swaminarayan Temple** and **Published From :** Shree Swaminarayan Mandir Kalupur, Ahmedabad-380001. Printed at **Asian Printery,** Near Talati Hall, Raipur, Ahmedabad-380001.
**Editor :** Shastri Swami Purushottamprakashdasji



સમૈયાના ઉપલક્ષમાં કાલુપુર મંદિરમાં પોતાના હસ્તે તુલસીના રોપાનું વિતરણ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



શ્રી નરનારાયણદેવ સમક્ષ ખારેકનો અન્નકૂટ





અમદાવાદ મંદિરમાં ભવ્ય હીરનાં હિંડોળા - પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી





અસારવા સહજાનંદ ગુરૂકુળ વીર હનુમાનજી પાસે શિવલીંગની પ્રાણ પ્રતિષ્ઠા કરતા પ.પૂ. મહારાજશ્રી



સમૈયાનાં ઉપલક્ષમાં આપણા કાલુપુર મંદિર દ્વારા નિર્માણાધિન નિકોલ મંદિરમાં વોટરકૂલર મુકવામાં આવ્યું






સમૈયાના ઉપલક્ષમાં માણસામાં સંતોનાં સાંનિધ્યમાં બાળ- યુવા શિબિર તેમજ ધાર્મિક શિક્ષણ સ્પર્ધા

Registered under RNI is - GUJ GUJ/2007/20221 “Permitted to post at Ahd.PSO on 11 the every month under postal REG. No.GAMC.003/2024-2026 Valid up to 31-12-2026 issued by the SSPO’s License to Post without Prepayment No.PMG/NG/028/2024/2026 Valid up to 31-12-2026



પેનસીલવેનીયા (અમેરિકા) માં યુવા કેમ્પમાં યુવાનો સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રી


સમૈયા ના ઉપલક્ષમાં

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

૨૧૨ કલાક

૨૧૨ ગામનાં હરિભક્તો દ્વારા

**શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધૂન**

પ્રારંભ
શ્રાવણ વદ-૭ તા.૧૫-૮-૨૦૨૫
શુક્રવાર સવારે ૮-૩૦

પૂર્ણાહુતિ
ભાદરવા સુદ - ૧ તા.૨૪-૮-૨૦૨૫
રવિવાર સવારે ૮-૩૦

શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં
વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રસાદીના સભામંડપમાં

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ ઐક





પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષનો

**સમૈયો**

23-1-2026 - 27-1-2026

અધ્યક્ષ : પ.પૂ.ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

સ્થળ:-
“પર્વ”ગ્રાઉન્ડ, પ્રભા હનુમાનજી મંદિરની બાજુમાં,
જમીયતપુરા,અમદાવાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર,અમદાવાદ ઐક

વિશ્વના સૌ પ્રથમ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં
સમૈયાના ઉપલક્ષમાં

ભવ્ય હીરના હિંડોળા પ્રદર્શન

તા.૧૨-૭-૨૫ થી ૨૩-૮-૨૫


Praful Kharsani